RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 11, Year: 68, February, 2022, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા

## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ સેનેટોરિયમ - લોનાવલા

ઍટલે

**૧૯૭૭ માં બનેલું ઝાલાવાડી સભાનું પ્રથમ સેનેટોરિયમ**



મુંબઈથી બે કલાકના અંતરે આવેલું આ રમણીય સ્થાન સહુ ઝાલાવાડી સભ્યો માટે આનંદ અને વિશ્રાંતિનું ધામ બની રહ્યું છે. એક એકરમાં પથરાયેલું, તમામ આધુનિક સુવિધાઓથી યુક્ત, ગોલ્ડન, સિલ્વર અને ડાયમંડ વીંગની ૩૪ રૂમોમાં વહેંચાયેલું, સરસ -સ્વાદિષ્ટ ભોજન અને સૌજન્યપૂર્ણ સ્ટાફ થકી સહુના અંતરે વસેલું આ સેનેટોરિયમ કોવિડના કપરા કાળમાં દર્દીઓની સુશ્રુષા કાજે પણ વપરાયું.

## સેનેટોરિયમના નવિનીકરણનો આરંભ શરૂ કરીએ છીએ

**આ માટે ૩ લાખ રૂા. ના દાતા લેવાનું નક્કી કર્યુ છે.**
**સહુના ઉમળકાભર્યા પ્રતિસાદની અપેક્ષા છે.**

## લોનાવલા સેનેટોરિયમ નૂતનીકરણ

**સહર્ષ જણાવવાનું કે લોનાવલા સેનેટોરિયમ નું નૂતનીકરણનું કાર્ય ચાલુ કરેલ છે આ માટે રૂા. ૩,૦૦,૦૦૦/- ના દાતા લેવાનું નક્કી કરેલ છે.**

- રૂા. ૩,૦૦,૦૦૦/- આપનાર દરેક દાતાનું નામ તક્તી માં અંકિત કરવામાં આવશે તેમ જ દરેક દાતાને ૧૫ દિવસ ના રાઈટ ૧૫ વર્ષ માટે આપવામાં આવશે.
- આ ૧૫ દિવસ ના કોટા તમે સભાના લોનાવાલા, પંચગીની, દેવલાલી, માથેરાન આ ચારમાંથી કોઈ પણ સેનેટોરીયમ ખાતે વાપરી શકો છો.
- સંસ્થા ને અપાતું અનુદાન 80-G હેઠળ કરમુક્ત છે.
- આપનો ચેક ના ZALAWADI SABHA CHARITABLE FOUNDATION નામ થી લખવો.

## BIO-DATA

# Prachi Doshi



### Personal Details :

| | |
|---|---|
| **Date of Birth** | 29/01/1997 |
| **Time of Birth** | 2:45 pm |
| **Place** | Surendranagar |
| **Height** | 5ft. 4in. |
| Weight | 51kg |
| **Education** | B.Com (Malini Kishor Sanghvi) (Ritambara) Fashion Designer (JD Institute Vile Parle West) |
| **Profession** | Working at ICICI Prudential Life Insurance Company |
| **Religion** | Shri Zalawadi Visha Shrimal Sthanakwasi Jain |
| **Native Place** | Limbdi Kamdar (Surendranagar) |
| **Residence** | A/504, Ekta Bhoomi Classic, Near HDFC Bank, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 400 067. |
| **Email Id** | prachidoshi2502@gmail.com |

### Family :

| | |
|---|---|
| **Father** | Jignesh Pravinchandra Doshi (9082993642) |
| **Business** | Shilpa Coolers & Furnitures Pvt. Ltd. Rajkot, Pune, Mumbai |
| **Address** | Ground Floor, Kariya House, Plot No. 56, N.S. Road No.7, Presidency Society, Opp. Nirmal Prabhu Bldg., Juhu Scheme, Vileparle (W), Mumbai - 49 |
| **Mother** | Soniya Jignesh Doshi (8767720407) |
| **Brother (Younger)** | Manav Jignesh Doshi |
| **Paternal Uncle & Aunty** | Dijesh Pravinchandra Doshi (9821121234) Sandhya Dijesh Doshi (9870721234) |
| **Business** | D.P. Enterprise |
| **Telephone** | 022-23481351/022-4006175 |
| **Address** | Giriraj Building Basement No.3, Off.No.4, S.T. Road, Iron Market, Masjid Bunder (East), Mumbai |

| | |
|---|---|
| **Paternal Grandparents** | Late Shree Pravinchandra Amrutlal Doshi<br>Shree Lataben Pravinchandra Doshi (9022232562) |
| **Fuva** | Sohilkumar Ashokbhai SHah (8080279361) |
| **Faiba** | Hetal Sohilkumar Shah (8080179361) |
| **Maternal Nani/Nana** | Jyotsnaben Nalinbhai Pranlal Shah |
| **Mami/Mama** | Dipti Amitbhai Shah |

Advt.

# BIO-DATA

## SHIVANGI AMIT SHAH

### PROFILE:

**Date of Birth:** 12th November, 1994
**Time & Place of Birth:** 2:00 AM, Borivali, Mumbai
**Height:** 5'1"
**Weight:** 62
**Interests:** Travelling, Movies, Dancing, Drawing



### OCCUPATION:

- Currently working with Citicorp Services India Pvt Limited (Citi Bank) as Officer-2020
- Previously was working with Sykes & Ray Edupro Private limited as Training and Content Development Executive-2016 to 2020

### EDUCATION:

**Financial Modeling course**
BSE Institute ltd
**Certified Financial Planner (CFP)**
Financial Planning Standards Board, US
**Master of Commerce (M.Com)**
Accounting and Finance, University of Mumbai
**Bachelor of Commerce (B.Com)**
Mithibai College, Mumbai

### RELIGION & NATIVE PLACE:

Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain, Muli, Surendranagar,Gujarat

### FAMILY DETAILS:

**Father:** Amit Jaswantlal Shah, Working at Avishkar Time, Borivali, Mumbai| M: 9969825747
**Mother:** Manisha Amit Shah | M: 9869854601
**Younger Brother:** Rohan Shah |BFM , MBA in Finance

### PATERNAL SIDE:

**Dada:** Late Shri Jaswantlal Shantilal Shah
**Dadi:** Smt Shardaben Jaswantlal Shah
**Kaka:** Sandeep Jaswantlal Shah |M: 9892107562
**Kaka:** Milan Jaswantlal Shah |M: 9821099988

### MATERNAL SIDE:

**Nana:** Late Shri Dhirajlal Nimjibhai Gosalia
**Nani:** Late Smt Manjula Dhirajlal Gosalia
**Mama:** Sunil Dhirajlal Gosalia |M: 9969170738
**Mama:** Hitesh Dhirajlal Gosalia|M: 9969284803
**Business:** M D International, Mumbai ,**Mosal:** Limbdi

### RESIDENCE:

703,Om Sarjan,Rayani Gram,near Relaince mall,Shimpoli road,Borivali-west, Mumbai-400092
| E: shahshivangi25@yahoo.in

Advt.

## BIO-DATA

# MAITRY SANDIP SHAH

## PERSONAL DETAILS



| | | |
|---|---|---|
| Date Of Birth | : | 8th October 1996 |
| Birth Place | : | Ghatkopar (Mumbai) |
| Birth Time | : | 8.45 P.M. |
| Height & Weight | : | 5' 6" - 55kgs |
| Education | : | S.S.C. from Utpal Shanghvi School - Juhu<br>B.Com from N.M. College<br>of Commerce & Economics- Vile Parle<br>M.B.A. (Finance) from Vivekanand<br>Institute of Management - Chembur |
| Profession | : | Working at Protiviti as a Consultant<br>Previously Worked at Deloitte |
| Hobbies | : | Reading, Travelling, Drawing |
| Caste | : | Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain |
| Native Place | : | Limbdi (Saurashtra) |
| Residence | : | D-205, Zalawad Nagar, Juhu Lane,<br>Andheri (West), Mumbai - 400 058. |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : Sandip Chandrakant Shah | M.: 9821273817 |
| Occupation | : Working with Mahalaxmi Group<br>Trading & Investment - In Stock Market | |
| Email | : shahsandip68@gmail.com | |
| Mother | : Dipti Sandip Shah - House Wife | M.: 9821272732 |
| Grand Parents | : Chandrakant Vadilal Shah (Deliwala)<br>Madhuben Chandrakant Shah | |
| Uncle & Anuty | : Atul Chandrakant Shah | M.: 9820085127 |
| | Arti Atul Shah | M.: 9819385127 |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Mosal | : Kishorbhai Premchand Adani (Ghatkopar) | M.: 9820548846 |
| | Late Smt. Arunaben Kishorbhai Adani | |
| Mama | : Deven Kishorbhai Adani | M.: 9820548845 |

Advt.

# BIO-DATA

## Arpit Dilip Bagadia




**DOB : 30th November 1990 5:55 PM**
Height : 5'-6"
Birthplace : Voadodara, Gujarat
Religion : Dasha Shrimali Sthanakvasi Jain
Native : Dhasa Jn, Bhavnagar District.
Qualification : M.S Engineering Management (Uni. of Texas at Arlington, U.S.A)
Occupation : Business Analyst at Advocate Aurora Healthcare (H1B Visa)
Current Location : Jersey City, New Jersey
Hobbies : Hiking, Adventure sports, Swimming, Music
India address : 1 Parasmani Society, Opp ONGC, Makarpura Road, Vadodara, Gujarat
Parents : Pravina Bagadia, Dilip N Bagadia
Occupation : Business - Mfg. of Transformer Laminations
Siblings : Kshama Jaimeen Kamdar - (Dallas, USA)
Disha D Bagadia - Physiotherapist (New-York, USA)
Grand Father : Late Shri. Narbherambhai J. Bagadia
Grand Mother : Late Smt. Kalavatiben N. Bagadia

**Paternal : Uncle**

Arun N. Bagadia (Ghatkopar, Mumbai)
Kirit N. Bagadia (Ghatkopar, Mumbai)
Harshad N. Bagadia (Baroda)
Jaykant N. Bagadia (Ahmedabad)

**Maternal : Grandfather**

Late Dr. Manaharlal Sanghvi (Mumbai)
Aunt (Masi) - Alka Sunil Choksi (Kandivali, Mumbai)

**Contact Details :**

Arpit Bagadia : (M) +1-(469)-345-1703
Dilip Bagadia : (M) + 91-9375158681
Pravina Bagadia : (M) +91-9558652717

Advt.

**Visiting India 16th January 2022 to 5th March 2022**

II SHREE GANESHAY NAMAH II

II SHREE MAHAVIRAY NAMAH II

## BIODATA



| | | |
|---|---|---|
| Name | : | **Dhvani Nilesh Shah** |
| Date of Birth / Time | : | 28.10.1995 / 11.45 AM (Thane) |
| Height / Weight | : | 5'-3'' / 48 Kgs |
| Zodiac Sign | : | Scorpio |
| Education | : | B.Arch (Bachelor of Architecture) from L.T.A.I.D.S., Navi Mumbai. |
| Occupation | : | Currently Working as an Architect - Anupam De & Assoiciate, Vikhroli - Previously working with Sanjay Puri Architect Firm, Mahalaxmi. |
| Native Place | : | Dhangadhra (Dist : Surendranagar) |
| Religion / Caste | : | Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Mota Dadi | : | Late Hiraben Shantilal Shah |
| Grand Parents | : | Niranjan Shantilal Shah |
| Grand Mother | : | Late Ranjanben Niranjan Shah |
| Father | : | Nilesh Niranjan Shah |
| Father's Occupation | : | SHANTILAL MADHAVJI SHAH & SONS (CHA NO. 11/227) - Custom Broker (Family Business at Fort, Mumbai) |
| Mother | : | Leena Nilesh Shah - Homemaker (B.Com) |
| Younger Brother | : | Mihir Nilesh Shah (Completed BMS - Marketing) from S.K. Somaiya College Currently doing EVENTS. Previously working at Logiserve India Pvt. Ltd., Navi Mumbai. (Digital Marketing Firm) |

## PATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Faiba | : | Purnima Bhavenkumar Sanghvi (Kandivali)<br>Vandana Kalpeshkumar Shah (Borivali)<br>Julie Pratikkumar Kothary (Dombivali) |
| Kaka | : | Ketan Rajnikant Shah (Thane)<br>Shrenik Rajesh Shah (Thane) |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Mosal | : | Late Laxmichand M. Shah<br>Late Damayanti L Shah |
| Mama | : | Keyur L. Shah & Kinjal L. Shah, Thane. |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Residence Address | : | 304 Geeta CHS, Jodhali Baug Road, Near Ganesh Cinema, Charai, Thane (W) - 400 602. |
| Contact No. | : | Nilesh N. Shah - Mobile No. 9869062227<br>Leena N. Shah - Mobile No. 9819831227 |

Advt.

# Good News!!!

## ઝાલાવાડી મેટ્રિમોનિયલ નવો પ્રોજેક્ટ

ઝાલાવાડી મેટ્રિમોનિયલ આપની સમક્ષ નવી સુવિધા લઈને ઉપસ્થિત થઈ રહ્યું છે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને ઝાલાવાડી મેટ્રિમોનિયલ આપની માટે પર્સનલાઈઝડ કરવામાં આવે છે જે આપને ગમતાં દિકરા-દિકરીઓ સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે. આ પ્રોજેક્ટમાં અમે આપને નીચે મુજબની બાબતોમાં સહાયરૂપ થશું.

## Rules for Matrimonial Website

(1) આપ કોઈ પણ શ્રેણીમાં હો તો અમે તમને તેની વિગત આપી શકીએ છીએ.

(2) આપને પસંદ પડેલાં પરિવાર કે વ્યક્તિ સાથે જો આપ સંપર્ક કરવા અસમર્થ હો તો અમે આપની વચ્ચે સેતુરૂપ બની તેમની સાથે સંપર્ક કરાવવામાં મદદરૂપ બનશું.

(3) આપ જે પરિવાર સાથે વાત કરી રહ્યા છો અને આગળ વધી રહ્યા હો તો સામે વ્યક્તિ ને ઝાલાવાડી મેટ્રિમોનીયલ ના સભ્ય બનવા માટે કહેવાનું રહેશે.

(4) સભ્ય તરીકે જોડાવવા માટે અમારી વેબસાઈટ Zalawadi.Com પર જવું. ફોર્મ ભરવા માટે કોઈ મદદની જરૂર હોય તો શીતલબેનને ફોન કરવો.

(5) ખાસ નોંધ લેવી કે અમારું કાર્ય આપને ગમતી બાયોડેટા સુધી પહોંચાડવાનું રહેશે. બાકીની સંપુર્ણ તપાસ તમારે સ્વયં કરવાની રહેશે.

(6) આ નવી ઈવેન્ટ શરૂ કરવા માટે અમે વેબસાઈટ અને પત્રિકામાં તમામ માહિતી મૂકીશું.

(7) હમણાં મેટ્રિમોનીયલ વેબસાઈટ પર બાયોડેટા મુકવાની વાર્ષિક ફી રૂ. 1000/-+GST (1180) છે પરંતુ ભવિષ્યમાં આમાં વધારો આવી શકે છે.

(8) અમારુ કામ છે આંગળી ચિંધવાનુ આપનું કામ છે ખાત્રી કરી આગળ વધવાનું.

(9) જ્યારે પણ આપને ત્યાં શુભપ્રસંગ અમારી મેટ્રિમોનીયલ વેબસાઈટ દ્વારા આવે તો આપના ફોટો જરુરથી મોકલવો જેથી કરી અમે તેને અમારી વેબસાઈટ પર તેમજ ઝાલાવાડી પત્રિકામાં મૂકી શકીએ.

10) જો લગ્નસંબંધી આપને પુછપરછ કરવી હોય તો અમે આ પ્રોજેક્ટ ને ત્રણ ભાગમાં વહેંચી દીધું છે.

**દક્ષિણ મુંબઈ (સાયન સુધી)**
ઈન્ચાર્જ મીરાબેન શાહ +91 98193 04833

**પશ્ચિમ મુંબઈ (બાંદ્રાથી વિરાર સુધી)**
ઈન્ચાર્જ સોનલબેન કોઠારી +91 98207 37344

**મધ્ય મુંબઈ (ઘાટકોપરથી કલ્યાણ સુધી)**
ઈન્ચાર્જ હીનાબેન પારેખ +91 99674 59515

**વેબસાઈટના મેટ્રિમોનિયલ**
ઈન્ચાર્જ શીતલબેન શાહ +91 96198 21435



# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

રજિસ્ટર્ડ ઑફિસ : ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ.બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

## સામાન્ય સભાની નોટિસ

**તા. ૦૫-૦૨-૨૦૨૨**

શ્રીમાન/શ્રીમતી

ઉપરોક્ત સંસ્થાની સામાન્ય સભા તા. ૧૨-૦૩-૨૦૨૨, શનિવાર બપોરે ૩.૩૦ કલાકે નીચેના સ્થળે મળશે, તો સંસ્થાના સભ્યોને સમયસર પધારવા વિનંતી.

### કામકાજ

(૧) તા. ૦૬-૦૧-૨૦૧૯ ની સામાન્ય સભાની મિટિંગની મિનિટ્સને મંજૂરી આપવા.

(૨) તા. ૧-૦૪-૨૦૧૮ થી તા. ૩૧-૦૩-૨૦૧૯ , તા. ૧-૦૪-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૦ , તા. ૦૧-૦૪-૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ સુધીના ઑડિટ થયેલાં હિસાબ મંજૂર કરવા.

(૩) સને : ૨૦૨૧-૨૦૨૨ના હિસાબી વર્ષ માટે ઑડિટરની નિમણૂક કરવા તથા તેમનું ઓનેરેરિયમ નક્કી કરવા.

(૪) પ્રમુખશ્રીની રજાથી અન્ય જે રજૂ થાય તે.

**સ્થળ : શ્રી માનવ સેવા સંઘ**
કિંગ સર્કલ સ્ટેશન પાસે, ગાંધી માર્કેટની સામે,
ડૉ. બી. એ. રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.

**પંકજભાઈ વી. સંઘવી**
ટ્રસ્ટીશ્રી -માનદ્ મંત્રીશ્રી
**અતુલભાઈ એ. શાહ**
**અનિલભાઈ એચ. સંઘવી**
માનદ્ મંત્રીશ્રી

**મુકેશભાઈ આર. શાહ**
**નરેન્દ્રભાઈ વી. સંઘવી**
માનદ્ સહમંત્રી

**દિલીપભાઈ એ. શાહ**
માનદ્ ખજાનચી
**શ્રી મહેશભાઈ બી. દોશી**
માનદ્ સહખજાનચી

તા. ક. :

- મિટિંગના સમય વખતે કોરમ નહિ હોય તો અર્ધા કલાક પછી તે જ મિટિંગ તે જ સ્થળે મળશે અને એજન્ડા મુજબનું કામકાજ કરશે.
- આ જનરલ મિટિંગનો સર્ક્યુલર છે. ઝાલાવાડી સભાના તમામ મેમ્બર ભાઈ-બહેનોને પધારવા આમંત્રણ છે.
- પોસ્ટના કાનૂની નિયમ મુજબ હિસાબ પત્રિકા સાથે મોકલી શકાતો નથી તેથી હિસાબની કોપી મોકલાવેલ નથી.
- સભાના ઑડિટેડ હિસાબની કોપી સંસ્થાના કાર્યાલયેથી સંસ્થાના સભ્યોએ લેખિત જણાવવાથી તેમને તા. ૧-૩-૨૦૨૨ થી ૪-૩-૨૦૨૨ સુધી બપોરે ૧૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મળી શકશે તેની નોંધ લેવા વિનંતી. (રવિવાર તથા રજાના દિવસ સિવાય)
- સભાના ઑડિટેડ હિસાબ બાબત સભ્યોને કંઈ ખુલાસો જોઈતો હોય તો તા. ૭-૩-૨૦૨૨ બપોરે ૧૨-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધીમાં કાર્યાલયે લેખિત મોકલી આપવા વિનંતી.



# મા શારદાનું અખંડ સ્મરણ રહો!

કાકા કાલેલકર



**સ**જ્જનોના હૃદયસમા સ્વચ્છ જળમાં વિહાર કરતાં પ્રસન્ન કમળો અને આકાશમાં અનંત કાવ્યના ફુવારા છોડતો રસસ્વામી ચન્દ્ર એ બંને જ્યારે એકબીજાનું ધ્યાન ધરતાં હતાં ત્યારે દેવોએ શારદાનું આવાહન કર્યું. શારદા આવી અને પૃથ્વીના વદનકમળ પર સુહાસ્ય ફેલાયું. શારદા આવી અને વનશ્રીનું ગૌરવ ખીલ્યું. શારદા આવી અને ઘેરઘેર સમૃદ્ધિ વધી. શારદા આવી અને વીણાનો ઝણત્કાર શરૂ થયો; સંગીત અને નૃત્ય સર્વત્ર ફેલાયાં.

શારદાનું સ્વરૂપ કેવું છે? બાલા ? મુગ્ધા? પ્રૌઢા? કે ધુરંધ્રી? શારદા મંજુલહાસિની બાલા નથી, મનમોહિની મુગ્ધા નથી, વિલાસચતુરા પ્રૌઢા નથી. તે નિત્ય-યૌવના પણ સ્તન્યદાયિની માતા છે. તે આપણી સાથે રમે છે, હસે છે, પણ તે આપણી સખી નથી; તે માતા છે. આપણે તેની સાથે બાલસહજ ગેલ કરીએ, પણ માતા આગળ ઊભા છીએ એ ભૂલી ન જઈએ, માતા એટલે અમૃતનિધાન. ... એ વચન કોઈ ઉપદેશપ્રિય સ્મૃતિકારે કાઢેલું નથી; એ તો કોઈ માતુ:પુત્ર ધન્ય બાળકે કાઢેલું વચન છે.

ચરાચર સૃષ્ટિનું ઐક્ય અનુભવનાર આપણે આર્ય રાતાનો એક જ શબ્દમાં અનેક અર્થ જોઈએ છીએ. શારદા એટલે સરોવરમાં વિરાજતાં કમળોની શોભા. શારદા એટલે માણેકઠારી પૂનમ અને દિવાળીની ક્રાન્તિ. શારદા એટલે યૌવનસહજ વ્રીડા. શારદા એટલે કૃષિલક્ષ્મી, શારદા એટલે સાહિત્યસરિતા, શારદા એટલે બ્રહ્મવિદ્યા, ચિચ્છક્તિ. શારદા એટલે વિશ્વસમાધિ. એવી એ આપણી માતા છે, આપણે શારદાના બાળક છીએ. કેટલી ધન્યતા! કેટલી સ્પૃહણીય પદવી! કેવડો અધિકાર! અને સાથે સાથે કેવડી મોટી દીક્ષા!

શારદાના સ્તન્યોનો જે હોઠને સ્પર્શ થયો તે હોઠ અપવિત્ર વાણી ઉચ્ચારે નહીં, નિર્બળતાનાં વચનો કાઢે નહીં, દ્વેષને ઉદ્ગારે નહીં, પાપને શૃંગારે નહીં, પૌરુષને હણે નહીં અને મુગ્ધ જનોને છેતરે નહીં.

શારદાના મંદિરમાં સર્વોચ્ચ કળા હોય, કલાને નામે વિચરતી વિલાસિતા નહીં. શારદાના ભવનમાં પ્રેમનું વાતાવરણ હોય, માત્ર સૌંદર્યનું મોહન ન હોય. શારદાના ઉપવનમાં પ્રાણનું સ્ફુરણ હોય, વિરહના કે નિરાશાના નિ:શ્વાસ ન હોય. શારદાની લતાકુંજમાં વિશ્વપ્રેમનું સંગીત હોય, પરસ્પર અને અનુનયનું ઘેલું કલકૂજિત ન હોય. શારદાના વિહારમાં સ્વતંત્રતાનાં ધીરોદાત્ત પગલાં હોય, ઉદ્દેશવિહીન અને સ્ખલનશીલ પદક્રમ ન હોય. શારદાના પીઠમાં બ્રહ્મરસનો પ્રવાહ હોય, વિષયરસનો ઉન્માદ ન હોય.

માતા શારદા! હૃદયમાં તારું અખંડ સ્મરણ રહે એવો આશીર્વાદ અમને આપ, અમે અધિકારી થઈએ ત્યારે અમને તારું દર્શન આપ.

❖❖❖





**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)**

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

## માસિક પત્રિકા

ફેબ્રુઆરી ૨૦૨૨

વર્ષ : ૬૮ : : અંક : ૧૧

: તંત્રી :

સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :

પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧

Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન : ૦૨૨-૩૫૭૪૦૮૧૧

: ફક્ત પત્રિકાનું લવાજમ :

એક વર્ષના રૂપિયા ૪૦૦/- + 5%

ત્રણ વર્ષના રૂપિયા ૧૦૦૦/- + 5%

છૂટક નકલ રૂા. ૭/-


**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા ઑફિસના કામકાજનો સમય સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦**


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*




**મા સરસ્વતીને....**

દેવી ભગવતી ! તારી વીણાના સૂરસ્પર્શથી
જાગ્યા સંસારીનાં હૈયે કર્મો પુનિત પંથના
શુભ્રવસ્ત્રે શોભતી જયમાળ લઈ હસ્તે
નમું માત તને સ્નેહે, ચરણે તવ રાખજે...

## સરસ્વતી પ્રાર્થના

માત સરસ્વતી વિદ્યાદાયિની
ગહનગતિ તુજ વીણાવાદિની
ઉર વીણાંના તારે તારે
તું સચરાચર જ્યોતિ ઉભારે
મધુમય રાગિણી, ભવભય હારિણી
જ્ઞાનની દેવી, જીવન સંવારે
શ્વેતવસન ધર, ધવલ પ્રકાશિણી
..........ગહનગતિ તુજ વીણાવાદિની

કંઠમાં સ્વર આપે તો હું મા !
તુજ ભક્તિનાં ગીતો ગાઉં
આપે જો સમદ્રષ્ટિ, સુબુધ્ધિ
ભીતરની જડતાને ભગાઉ
મનમંદિર વસે, મયુરવિહારિણી
..........ગહનગતિ તુજ વીણાવાદિની



**પ્રેમ એટલે -**

કેટલું બધું ? અઢી અક્ષરના આ શબ્દમાં આખા જીવનનો આનંદ સમાયેલો છે. દરેક વ્યક્તિ પ્રેમને ઝંખે છે. દરેક પ્રાણી, દરેક પંખી, દરેક વૃક્ષ, ધરતીનો દરેક કણ પોતાની રીતે પ્રેમ ઝંખે છે. પ્રેમ હૂંફ આપે છે, પોતાપણાને અહેસાસ આપે છે. દરેકને હૂંફની જરૂર હોય છે. દરેકને કોઈ પોતાનું હોય અને પોતે કોઈના હોય, એ લાગણી જીવવા માટેનું બળ આપે છે.

પ્રેમ સોનેરી આભાથી ઝળકતો એક શબ્દ છે. મારી દૃષ્ટિએ, મારા અનુભવે મને એમ સમજાયું છે કે પ્રેમ એ જીવન-વિકાસનો એક ઉચ્ચતમ તબક્કો છે. જેમાં પ્રેમ નામનું આ સુંદર શક્તિશાળી તત્ત્વ વ્યક્તિની આંતરિકતાનો અભિન્ન અંશ બની રહે છે પછી પ્રેમ એ કોઈ એકના સંબંધમાં પ્રતિબિંબિત થતી લાગણી ન રહેતાં, પોતાના આંતરત્વનું મધુર ગીત બની રહે છે.

પ્રેમ એટલે સાથે મળીને પેટાવેલો દીવો, અને સુખદુખના પ્રદેશમાં સાથે કરેલો વિહાર. પ્રેમ એટલે ધૈર્ય, અનુકંપા, બીજાના દુખે દુખી થવાની સંવેદના, સહભાગીતા અને વિશ્વાસ, નિષ્ઠા અને સાતત્ય, સાથનો આનંદ અને ફના થવાની તૈયારી. પ્રેમ એટલે ‘હું’ નહિ, ‘તું.’

પ્રેમને માઠું લાગતું નથી. અહં-આધારિત વ્યક્તિ-સંબંધમાં અપેક્ષા હોય છે, જે પૂરી ન થતાં માઠું લાગે છે. પ્રેમ એટલે નિરપેક્ષતા, વ્યક્તિ-સંબંધનો વિકાસ થતાં જ નિવૈયક્તિક બને છે, વ્યાપક બને છે, પોતાના અંતસ્તત્ત્વનું અંગ બને છે, સહજ નિજી સ્વભાવ બને છે.

**કવિ મકરન્દ દવેની એક સરસ પંક્તિ છે:**

*‘માનવી ભાળી અમથું અમથું*
*આપણું ફોરે વહાલ’*
*આ ‘અમથું અમથું’ શબ્દ જ*
*વહાલની ગરિમા છે.*
*‘‘વેરાન વગડામાં વસંત આવે,*
*એને કોણ જુએ છે ?*
*જંગલમાં ફૂલ કોને માટે ખીલે છે ?’’*

ફૂલો ખીલે છે, વસંત વિલસે છે, એ એનો સ્વભાવ છે. પ્રેમ એના ઉચ્ચતમ સ્વરૂપે બસ આમ ખીલે છે, વહે છે, સદા વહેતો રહે છે. સર્વ પ્રત્યે વહેતો રહે છે. એ અન્ય સાથે લાગણીથી જોડાય છે. પણ એનું હોવું કોઈના પર આધારિત નથી. એ બસ હોય છે- અમથો, અમથો.

★

**અને એટલે-**

એક નિ:સહાય એકલવાયા વૃદ્ધનું સહેજ મલકીને અભિવાદન કરવું તે પ્રેમ છે, ખીલેલા મોગરા પાસે ક્ષણવાર ઊભા રહી બંધ આંખે તેની મહેક ઝીલવી તે પ્રેમ છે, પથ્થરની તપ્ત ભૂમિ પર તરફડતા અળસિયાને હળવેથી ઊંચકી શીળી માટીમાં મૂકવું તે પ્રેમ છે, વૈશાખી પૂનમની રાતે બુદ્ધની નિર્વ્યાજ કરુણાનું સ્મરણ કરવું તે પ્રેમ છે.

*‘હું’ ને જ્યારે વિસારે પાડવામાં આવે છે*
*ત્યારે*
*એ નીરવતામાં પ્રેમનું દિવ્ય*
*વાદ્ય વાગી ઊઠે છે.*

**કુંદનિકા કાપડિયા**

## ગઝલ

**શ્યામ સાધુ**

જીવ ડોલરિયા, થામાં ઘેલો,
પ્રેમ કરે જે એ જણ પહેલો !
સાવ કુંવારું અત્તર માંગે,
ક્યાંથી લાવું ? ફૂલો બોલો !
અર્થ એટલે ઘર ઝાકળનું,
શબ્દ સમજ પાણીનો રેલો !
સાજન જોગું છે લખવાનું:
‘નથી ખમાતો યાદનો ઠેલો’ !
યાદ થકી હું મઘમઘ થાતો,
તમને બાકી ક્યાં અડકેલો ?



# વસંત પંચમી એટલે પ્રસન્ન પંચમી

**આ**જે વસંત પંચમી છે. માણસની લાગણીઓનું બેસતું વર્ષ એટલે વસંતપંચમી. આજે પવન કાનમાં કશુંક કહી ગયો તે સાવ ખાનગી સંદેશો સૌને કહી દેવાની ઈચ્છા એટલી તીવ્ર છે કે, બધું કહી દેવાથી  છાપ બગડશે એ વાત પણ ધ્યાન બહાર રહી જાય એવો સંભવ છે.

કાલીદાસે ક્યાંક હરણની ગતિનું કાવ્યાત્મક ચિત્ર આ પ્રમાણે દોર્યું છે. હરણ ચારે પગે હરણફાળ ભરે ત્યારે એના પગ ધરતી પર રહે તેના કરતાં અધ્ધર અવકાશમાં વધારે રહે છે. આજે મારી દશા લગભગ આવી જ છે.

આજે કેસૂડાંનો રંગ મારા હૃદયમાં ઠલવાયો છે. આજે મારા રોમરોમને ટહુકા ફૂટ્યા છે. આમ્રમંજરીએ હળવેકથી અડપલું કરીને ચાલી જતો પવન આજે મારા મનને ખૂણેખાંચરે ફરી વળ્યો છે. આજના પવનનો મિજાજ કંઈ ઓર છે. એના સ્વભાવમાં આજે ઠંડી નહીં, પણ શીતળતા વરતાય છે; ગરમી નહી હૂંફ વરતાય છે.

વસંત એ સમન્વયનો ઉત્સવ છે. તથાગતનો મધ્યમ માર્ગ બે વેપારીઓ ભાવતાલને અંતે વચલો માર્ગ કાઢે તેવા ઉકેલનો માર્ગ નથી. એનો ખરો સંબંધ સમન્વય સાથે છે. પ્રસન્નતા વગરની સ્થિતપ્રજ્ઞતા કૃષ્ણને મંજૂર નથી. માણસે વૈરાગ્યની શુષ્કતાથી અને આસક્તિની ચીકણી સ્નિગ્ધતાથી બચવાનું છે. પ્રેમ વગર એ શક્ય નથી. લાગણીની નદીઓ પ્રેમના સાગરમાં વિલીન થાય ત્યારે જ સાર્થકતા અનુભવે છે. વસંતમાં પ્રત્યેક પાંદડા તરફથી માણસને જે સંદેશો પવન દ્વારા પ્રાપ્ત થાય તે શીતળ છે અને હૂંફાળો છે. એ થથરાવતો નથી અને પ્રજાળતો પણ નથી.

પ્રકૃતિ આપણામાં પ્રસન્નતા રેડે છે. આપણે પણ આપણી પ્રસન્નતાને પ્રકૃતિના કણકણમાં વેરવી જોઈએ.

## પ્રેમ

**પ્રે**મની તીવ્ર ઝંખનાના મૂળમાં મનુષ્યની અપૂર્ણતા રહેલી છે. જે તરસ્યું હોય તે જળ પામવા ઝંખે, જે ભૂખ્યું હોય તે અન્ન પામવા ઝંખે, જે વિરહમાં રોકાય તે મિલન ઝંખે. પ્રેમ ભલે અપૂર્ણ વ્યક્તિઓ વચ્ચે ઊગે પરંતુ પ્રેમતત્વ પરિતૃપ્ત કરનારું, પૂર્ણતાના અણસારા આપનારું અને આનંદને અવતારનારું જણાય છે.

અપૂર્ણતા અભિશાપ નથી, પરંતુ પરમેશ્વરની અધૂરી કાવ્યપંક્તિ છે. પાર્થ અપૂર્ણ છે. પરંતુ કૃષ્ણાભિમુખ  છે - કૃષ્ણ પૂર્ણ છે, પરંતુ અપૂર્ણ પાર્થના સારથિ છે. આમ પાર્થ અને પરમેશ્વરને જોડતો, મીરાં અને માધવને જોડતો, નરસિંહ અને શ્રીહરિને જોડતો, કબીર અને સાહેબને જોડતો, તુલસીદાસ અને રઘુવીરને જોડતો, નાનક અને ઠાકુરને જોડતો તથા સુરદાસ અને શ્યામને જોડતો સેતુ પ્રેમ છે પ્રેમ એ જીવનની જરૂરિયાત નથી, પ્રેમ એ જ જીવન છે. પાણી માછલીની જરૂરિયાત નથી, એ તો માછલીનું જીવન છે. માણસ પ્રેમનો મહિમા કરતા થાકતો જ નથી કારણ કે એ અતૃપ્ત છે. મહિમા તો આપણે જે નથી પામ્યા તેનો જ થઈ શકે ને ? જેને પામ્યા તેનો તો ઉત્સવ જ હોઈ શકે.

પ્રેમ એટલે અસ્તિત્વના ઉત્સવનું સુમધુર સંગીત ! એ જ તો છે કૃષ્ણનું જીવનસંગીત...

**ગુણવંત શાહ**

# આકાર

રેસ્ટોરાંના ખૂણે કાચના પાર્ટિશન પાસે રહેલી બે ખાલી ખુરશી અને નાનકડા ટેબલ પર ઊડીને જતી નજરને વારંવાર પાછી ખેંચવા પ્રિયા મથતી રહી. કોઈ ચુંબકીય આકર્ષણ હતું એ ખૂણામાં.

'મે'મ ઑર્ડર પ્લીઝ.'

'એક ગ્રિલ્ડ સૅન્ડવિચ અને એક કૉલ્ડ કૉફી.'

'ઓ.કે. મે'મ.'

વેઈટર ગયો. પ્રિયાની નજર ફરી એ ખૂણાને ખોતરવા માંડી.

ફોન પર થયેલા એકરાર પછી પહેલી વખત પ્રતીકને મળી એ રેસ્ટોરાંનો ખૂણો અદલ આવો જ. એ પહોંચી ત્યારે એ રાહ જોતો હતો. ફોન પર સહજતાથી થતી વાતો આંખો મળતાં ગળચટ્ટી મૂંઝવણમાં ફરી ગયેલી. હળવું સ્મિત ફરકાવી આંખો નમી જતી. હૃદયનો થરકાટ હોઠ પર ફરફરી ઊઠતો. વેઈટર ઑર્ડર લેવા આવેલો.

'શું લઈશ પ્રિયા !'

'ગમે તે ચાલશે !'

'બે ગ્રિલ્ડ સૅન્ડવિચ અને બે કૉલ્ડ કૉફી.' પ્રતીકે ઑર્ડર આપેલો.

વેઈટરના ગયા પછી પ્રતીક એની ખુરશી પ્રિયાની નજીક ખેંચી બેઠો. અનાયાસ પ્રિયાનો હાથ એના હાથમાં જતો રહ્યો, અને પ્રતીક એને પસવારતો રહ્યો. પળભરમાં બધું ભર્યું ભર્યું. બસ, આ ક્ષણોનો કાફલો આમ સતત ચાલતો રહે.

વેઈટર બંનેની સૅન્ડવિચ અને કૉફી મૂકી ગયો. કૉફીનો મગ જોઈ એ મલકાઈ.

'પ્રતીક, આ લોકોનેય ખબર પડી જતી હશે ?'

'કેમ ?'

'કૉફી મગમાં જો.'

બ્રાઉન કલરની કૉફીના વચ્ચેના ભાગમાં રહેલા ગાઢા દૂધને હૃદયાકાર અપાયેલો.

'અરે ! આ લોકોએ ખરેખર આવી ડિઝાઈન બનાવી હશે કે આપોઆપ થઈ હશે ?' પ્રતીકે આશ્ચર્ય છતું કર્યું.

'કેમ ખબર ? તું પૂછી જો. આવા મૉડર્ન કૉફીબારમાં બધું શક્ય છે.'

'નથી પૂછવું. જે છે એ મજાનું છે.'

પ્રિયા શુગર પાઉચ તોડી કૉફીમાં નાખવા ગઈ કે પ્રતીકે એનો હાથ રોકી લીધો.

'અરે, આ મોળી હશે.'

'ભલે રહી. પે'લા તું એક 'સીપ' લે.'

'મોળી લાગશે પ્રતીક.'



'બીજા ઘૂંટડે હું ગળી કરી દઈશ. જોને કેવું સરસ હૃદય બનાવીને આપ્યું છે. એના પર શુગર નાખી ચમચી ફેરવીશું તો વલોવાઈ જાય.'

શુગર વગરની કૉફી વારાફરતી ઘૂંટડા ભરી પિવાતી રહી. હૃદય એ ઘૂંટડાઓની મીઠાશમાં ઓળઘોળ થતું રહ્યું.

'મૅડમ, આપનો ઑર્ડર.'

વેઈટરે એની સૅન્ડવિચ અને કૉફી ટેબલ પર મૂકી. એણે કૉફીના મગમાં નજર કરી. કથ્થઈ રંગની વચ્ચે સફેદ દૂધ માત્ર ગોળાકારે ફરી રહ્યું, એક મોટું શૂન્ય જાણે.

પ્રિયાએ ચમચીથી કૉફી ઝડપથી હલાવી નાખી. શૂન્યાકાર વલોવાઈ કથ્થઈ થઈ ગયો. શુગર વગરની તૂરી કૉફીના એક સામટા બે-ચાર ઘૂંટડા એ પી ગઈ. એ ખૂણાના ટેબલ-ખુરશી પર વળી વળીને જતી નજરને એણે કૉફીના કડવા કથ્થઈ રંગમાં ડુબાડી દીધી.

**નસીમ મહુવાકર**

---

**અ**મેરિકાના કેલિફોર્નિયામાં થતાં રેડવુડની ઊંચાઈ ૩૦૦-૩૫૦ ફૂટ હોય છે. ઊંચાઈ જોતાં પ્રથમ વિચાર એ આવે કે આવા તોતિંગ અને અતિશય વિરાટકાય વૃક્ષનાં મૂળ કેટલાં ઊંડાં હશે ? પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે તેના મૂળની ઊંડાઈ માત્ર સાડા ત્રણ ફૂટ જ છે. વળી, આ વૃક્ષો એવી જગ્યાએ છે કે જ્યાં વર્ષમાં ૭૦,૦૦૦થી વધુ ભૂકંપ આવે છે અર્થાત દર ૭ મિનિટે ૧ ભૂકંપ. જેમાં ૦.૫ થી લઈને ૪-૫ સ્કેલ સુધીના ભૂકંપ પણ હોય છે. આશ્ચર્યની વાત એ છે કે ધરતીની આવી ધ્રૂજારીઓ વચ્ચે પણ રેડવુડનાં આ વૃક્ષો ૨૫૦૦ વર્ષથી અડીખમ ઊભાં છે.



કેવળ સાડા ત્રણ ફૂટના મૂળ હોવા છતાં આ મહાકાય વૃક્ષોને વર્ષોથી કાંઈ નથી થયું તેનું કારણ છે, સંપ. હા, તેના મૂળ ઊંડા નથી, પરંતુ બધાં વૃક્ષોના મૂળ એકબીજાની સાથે એવી રીતે જોડાયેલા છે અને ગૂંથાયેલા છે કે તેમને જુદા પાડવા અસંભવ છે. આ સંપના પરિણામે સાડા ત્રણ ફૂટના એ મૂળ ૩૫૦ ફૂટના વિરાટ વૃક્ષને ઊભા રાખવાની પ્રચંડ ક્ષમતા ધરાવે છે.

હેન્રિ લોંગફેલો કહે છે : 'All your strength is in your union' અર્થાત એકતામાં જ તમારી શક્તિ રહેલી છે.



# આપણા મંગલ પ્રતીકો

❑ મહેશ શાહ

સ્વસ્તિક અને દીવડો આ બન્ને પ્રતીક આપણા જીવનના અનેક શુભ પ્રસંગ સાથે સંકળાયેલાં છે. હિંદુ શાસ્ત્રો મુજબ સ્વસ્તિક એ હકારાત્મક ઊર્જા આપતું મંગલ અને કલ્યાણકારી પ્રતીક છે તો દીવડો પ્રકાશ અને જ્ઞાનનું પ્રતીક છે. એ ઉપરાંત કુંભ (કળશ), આસોપાલવ, તુલસી, શ્રીફળ, વગેરે પણ શુભ પ્રતીક છે. એ જ રીતે ધ્વજ, મધ, દહીં, ગોળ, અશ્વ, હાથી, કમળ, કંકુ, ચંદન, શેરડી, ધરોનું ઘાસ, કુમારિકા, પનિહારી, ઘંટનાદ તેમ જ અમુક ફળ, વાજિંત્ર અને કેટલાંક પક્ષીના ધ્વનિને પણ મંગલકારી કે શુકનિયાળ માનવામાં આવે છે.

મંગલ (મંગળ) એટલે પવિત્ર કે શુભ. મંગલ એટલે સંસારથી પાર ઉતારે, વિઘ્નનો નાશ થાય અને પ્રસન્નતા પ્રગટે એ. આપણે ત્યાં મંગલ કે શુભ ભાવોને ચિત્ર, આકૃતિ, પ્રતીક, પદાર્થ, દ્રવ્ય દ્વારા રજૂ કરવાની પ્રચલિત પરંપરા છે, જે આજે પણ ટકી રહી છે.

આપણાં શાસ્ત્રોમાં વિધાન છે કે દુષ્ટ-અશુભ તત્ત્વોને ખાળવા અને શુભત્વ પામવા અનેક લોકો જુદાં જુદાં શુભ પ્રતીકો ઉપયોગમાં લે છે. એમાં શ્રદ્ધા-આસ્થા દાખવે છે.

ગુજરાતી લોકસાહિત્ય -સંગીત ઈત્યાદિ વિષયના સંશોધક અને જાણીતા લેખક ડૉ. હસુ યાજ્ઞિક કહે છે:

'મંગલ પ્રતીકો સંસ્કૃતિનો વિકાસ સૂચવે છે. એમાંથી અનેક ચિહ્ન ધાર્મિક પ્રતીક તરીકે પ્રચલિત થયાં છે. ઘણાં મંગલ પ્રતીકો સાથે દંતકથા કે દૃષ્ટાંતો સંકળાયેલાં છે. પ્રતીકોનો સંબંધ સંજ્ઞા અને સૂત્ર સાથે પણ રહેલો છે. પ્રતીકો ભાવ અને અર્થ એમ બન્નેને સાંકળે છે.'

એમાં કંકુથી શ્રી સવા, શ્રી લાભ, શ્રી શુભ જેવું લેખન એ સંખ્યાત્મક મંગલ ગણાય છે. શ્રી સવા એ ધન-સંપત્તિની વૃદ્ધિ સૂચવે છે. શ્રીફળ, ચાંદીની મુદ્રા, ચોખા વગેરે મંગલ પદાર્થ છે. શ્રીફળ બલિદાનનું પ્રતીક છે. ચાંદીના સિક્કા પર દેવ-દેવીની છાપ કે યંત્ર અંકિત કર્યા હોય તો શુભ ગણાય છે. ચોખા પવિત્ર અને નિર્દોષ ધાન્ય છે. કપાળ પર કંકુ તિલક પછી ચોખા લગાવવાનું આ કારણ છે. અમુક પૂજાવિધિમાં ચોખા વપરાય છે. જ્યારે તુલસી, આસોપાલવ અને પીપળો પ્રકૃતિજન્ય પ્રતીક છે. તુલસી પવિત્ર દિવ્ય ઔષધિ છે. આસોપાલવ માંગલિક છે તો પીપળો પિતૃવિધિ સાથે સંકળાયેલો છે.

શુભ પ્રતીકો પ્રત્યે લોકઆસ્થાને કારણે સ્વસ્તિક, દીવડો, કળશ કે આસોપાલવના પાન આપણને નકશીકામ, શિલ્પ, આભૂષણ, ભરતગૂંથણ, ચિત્ર, સુશોભનકળામાં જોવા મળે.

જૈન, બૌદ્ધ ધર્મગ્રંથોમાં પણ શુભ કે મંગલકારી પ્રતીકોનો ઉલ્લેખ જોવા મળે છે. જૈન ધર્મમાં આઠ માંગલિક પ્રતીક દર્શાવ્યાં છે, જેને અષ્ટમંગલ કહે છે, એમાં અષ્ટ એટલે આઠ અને મંગલ એટલે શુભ, પવિત્ર, વિઘ્ન (અશુભ) વિનાશક, સુખ-સમૃદ્ધિ કે પુણ્યનો વિસ્તારક આઠ પ્રતીકમાં સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, પૂર્ણ કળશ, મીનયુગલ અને દર્પણનો સમાવેશ થાય છે. સ્વસ્તિક અને નંદ્યાવર્ત આકૃતિ મંગલ છે. શ્રીવત્સ ચિહ્ન મંગલ છે. વર્ધમાનક, ભદ્રાસન, પૂર્ણ કળશ અને દર્પણ એ વસ્તુ મંગલ છે તો મીનયુગલ જીવ મંગલ છે.

શ્વેતાંબર જૈન આચાર્ય કલ્યાણબોધિ-સૂરીશ્વરજી મહારાજ સાહેબ કહે છે કે વિશ્વની અગણિત ચીજોમાં જે આઠ વસ્તુ શ્રેષ્ઠ મંગલ તરીકે સર્વમાન્ય રૂપે પ્રસ્થાપિત થઈ છે એ અષ્ટમંગલ છે.

અષ્ટમંગલ અંદાજે બે હજાર વર્ષ પૂર્વેના મથુરાના જૈન આયાગપટ્ટો, ગ્રંથો, જૈન આગમ ગ્રંથો ઉપરાંત અમુક હસ્તપ્રતો, શિલ્પો, ચિત્રો વગેરેમાં જોવા મળે છે. ગુજરાતમાં આવેલા કુંભારિયાના વિખ્યાત શાંતિનાથ ભગવાનના પ્રાચીન જિનાલય (દેરાસર)ની દ્વારસાખ પર અષ્ટમંગલ છે. બૌદ્ધધર્મીઓ પણ અષ્ટમંગલને પવિત્ર માને છે. અષ્ટમંગલને તિબેટિયન ભાષામાં તશી તાગ ગ્યાય કહે છે. બૌદ્ધ ધર્મનાં આઠ પ્રતીકમાં શ્વેત શંખ, કીમતી છત્ર, ધ્વજા, મીનયુગલ, ધર્મચક્ર, શ્રીવત્સ, પદ્મકમળ અને સુવર્ણ કળશ હોય છે.

શ્વેતાંબર જૈન સાધુ-સાધ્વીના પવિત્ર ઉપકરણ ઓઘા (રજોહરણ)માં મંગલસ્વરૂપે અષ્ટમંગલ આલેખવાની પરંપરા છે. જૈનો દેરાસરમાં પાટલા પર ચોખા (અક્ષત)થી અષ્ટમંગલ આલેખે (દોરે) છે તેમ જ અષ્ટમંગલને પવિત્ર માનતા હોવાથી ઘરના દ્વારના બારસાખ પર અષ્ટમંગલની ફોટો ફ્રેમ, સ્ટીકર કે પટ્ટી મૂકે છે. આવી વિશેષતા ધરાવતા અષ્ટમંગલ વિશે એક જૈન મુનિએ ભારે જહેમતથી ગ્રંથ

તૈયાર કર્યા છે. એમનું નામ મુનિ સૌમ્યરત્નવિજય.

**સ્વસ્તિક ને કળશ** : શિલ્પથી માંડી સુશોભન સુધી...



**સ્વસ્તિક** એ મંગલકારી, કલ્યાણકારી, સૌભાગ્યવાન અને ઊર્જાવાન પ્રતીક છે. એનો હિંદુ, જૈન અને બૌદ્ધ ઉપરાંત અમુક વિદેશી સંસ્કૃતિમાં મહિમા વર્ણવ્યો હોવાથી સર્વધર્મીય પરંપરામાં સ્વીકૃત છે. ભારતીય વાસ્તુશાસ્ત્ર અને શુકનશાસ્ત્રમાં સ્વસ્તિક પ્રભાવશાળી મનાય છે. કુંભારિયાના પ્રાચીન જિનાલય સહિત પ્રાચીન અનેક મંદિરોનાં શિલ્પોમાં સ્વસ્તિક જોવા મળે છે. સહેલાઈથી દોરી-આલેખી શકાય એવો સ્વસ્તિક માટી, મૂર્તિ, દંત, મુદ્રા, શિલ્પ, વાસ્તુ, આભૂષણ, ચિત્ર, સુશોભન વગેરે કળામાં જોવા મળે છે. અનેક ગ્રંથો, પ્રાચીન કાવ્યો, ગીતો, ભજનો, ગરબામાં પણ એનો ઉલ્લેખ થયો છે. ઘર, મંદિર, નવા વાહન, યંત્ર વગેરે પર કંકુથી સ્વસ્તિક આલેખાય છે.

સ્વસ્તિકનાં ચાર પાંખિયાં (પાંખડી) વિશે વિવિધ ધર્મ, પરંપરા, શાસ્ત્રોમાં જુદાં જુદાં અર્થઘટન જોવા મળે, જેમ કે ચાર (ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ) પુરુષાર્થ, ચાર (સત્ય, દ્વાપર, ત્રેતા, કલિ) યુગ, ચાર (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ) વર્ણાશ્રમ, ચાર (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ) વેદ, ચાર (દેવ, મનુષ્ય, નરક, તિર્યંચ) ગતિ સૂચવે છે.

બીજી બાજુ, કળશ પૂર્ણ, કળશ, કુંભ, જલ કુંભ, ભદ્ર કળશ વગેરે નામે ઓળખાય છે. ઋગ્વેદ, સ્કંદપુરાણ, મત્સ્યપુરાણ, વગેરેમાં એનો ઉલ્લેખ જોવા મળે છે. કળશ, દેવપૂજાનું ઉપકરણ છે. પ્રભુને શુદ્ધ પવિત્ર જળનો અભિષેક કરવા કળશનો ઉપયોગ થાય છે. પૂર્ણ કળશમાં લક્ષ્મીદેવીનો વાસ હોવાની માન્યતા છે. શિલ્પશાસ્ત્રમાં મંદિરના શિખરની ટોચે આમલસારા ઉપર મંગળ કળશ સ્થાપવાનું વિધાન છે. અમુક કળશ સુવર્ણથી મઢ્યા હોય છે. પ્રાચીન કાળમાં રાજ્યાભિષેક સમયે રાજાને સુવર્ણ કળશથી સ્નાન કરાવવામાં આવતું.



કળશ સાધારણ રીતે માટી, તાંબું, પિત્તળ, ચાંદી, સોનું, રત્નોમાંથી બનાવવામાં આવે છે. એ પૂર્ણતા અને સંપન્નતાનું પ્રતીક છે માટીનો કળશ પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે. કળશ કે કુંભનો વાસ્તુ, લગ્ન, પૂજા, શોભાયાત્રા વગેરે પ્રસંગે ઉપયોગ થાય છે. અમુક ધાર્મિક કે પૂજાવિધિ સમયે કળશમાં પવિત્ર જળ કે નદીનાં જળ ભરવામાં આવે છે. કળશ પર કંકુ તિલક થાય અને એના મુખ પર પાંદડાં ને શ્રીફળ મૂકવામાં આવે છે. પ્રાચીનની જેમ વર્તમાન સમયે પણ કળશ વિવિધ કળાત્મક સ્વરૂપોમાં જોવા મળે છે.

**હિંદુ ધર્મમાં પીપનો, ચંદનનું તિલક, કમળ, પનિહારી અને ઘંટનાદ સહિત પ્રતીકને મંગલકારી કે શુકનિયાળ માનવામાં આવ્યાં છે.**

અષ્ટમંગલના અભ્યાસુ અને લેખક મુનિ સૌમ્યરત્ન કહે છે કે અષ્ટમંગલનાં દર્શન કોઈ કાર્યના આરંભ, પ્રયાણ વગેરે સમયે વિઘ્નનાશક અને કાર્યસાધક મનાય છે. એક સામટાં આઠ મંગલ પ્રતીકના લીધે માંગલિકતા અને હકારાત્મક ઊર્જા અનેકગણી વધે છે. એ જ્યાં આલેખાયેલાં, કોતરાયેલાં હોય ત્યાં શુભત્વ વધારે છે. અષ્ટમંગલનાં ત્રણ શુભ પ્રતીક કળશ, મીનયુગલ અને દર્પણ હિંદુ અને બૌદ્ધ પરંપરામાં પણ જોવા મળે છે.

**અષ્ટમંગલના પ્રતીક-આકાર શું સૂચવે છે ?**

અષ્ટમંગલ માહાત્મ્ય પુસ્તક મુજબ સ્વસ્તિક મંગલમયતા, શુભ ઊર્જાના કેન્દ્ર અને પવિત્ર આકારની આગવી ઓળખ ધરાવે છે. જિનાલયોમાં બિરાજમાન જૈન તીર્થંકરની પ્રતિમામાં છાતીના મધ્ય ભાગમાં વાળનો ઊપસેલો ગુચ્છ દેખાય છે એને શ્રીવત્સ કહે છે. શ્રી એટલે લક્ષ્મી અને વત્સ એટલે પુત્ર અર્થાત્ લક્ષ્મીદેવીનો પુત્ર. લખનૌના મ્યુઝિયમમાં અંદાજે બે હજાર વર્ષ પ્રાચીન શ્રીવત્સયુક્ત જૈન પ્રતિમા જોવા મળે છે.

વિચારક-લેખક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ કહે છે કે અષ્ટમંગલ એ સંસારની ભંગુરતા, આત્મસ્વરૂપની ઓળખ અને મોક્ષમાર્ગ પ્રત્યેની મતિનો આધ્યાત્મિક સાધનાપથ છે. આચાર્ય કલ્યાણબોધિવિજયજીના મતે અષ્ટમંગલ એ માત્ર આકાર કે વસ્તુ નથી. શાશ્વત, શુકનવંતા અને મંગલકારી છે.

પ્રાચીન જૈન તીર્થોના ઉદ્ધારક આચાર્ય રાજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ કહે છે કે અષ્ટમંગલમાં આઠની સંખ્યા આઠ દિશા અને આઠ પ્રહરનું મંગલ કરવાની સંભાવના દર્શાવે છે. એમાં પૃથ્વી, જળ, વાયુ, તેજ, આકાશ એમ પાંચ (પંચ) તત્ત્વનો સમન્વય છે. પ્રભુપ્રતિમા સમક્ષ અષ્ટમંગલનું આલેખન ખૂબ ઓજસ્વી મનાય છે. એમાં ભક્તિ, કળા અને શ્રદ્ધાનો સુમેળ થાય છે. અષ્ટમંગલ દર્શનકર્તાને પ્રસન્નતા આપે છે.

પુરુષાર્થ અને પ્રારબ્ધની જેમ મંગલ પ્રભાવક પ્રતીક દ્વારા પણ સુખ-સમૃદ્ધિ પ્રાપ્તિની શુભ કામના થાય છે.

❖❖❖



# ઘમંડ

☐ પ્રફુલ્લ કાનાબાર

**અ**મદાવાદ રેલવે સ્ટેશન પર ઘણી ચહલપહલ હતી. મુંબઈ જવા માટે ગુજરાત મેલ ઉપડવાને ગણતરીની ક્ષણો જ બાકી હતી. ફર્સ્ટક્લાસના કૂપેમાં સફેદ લેંઘા ઝભ્ભામાં સજ્જ જશવંત જાની બેઠો હતો. ચાલીસેક આસપાસના જશવંતને જોઈને જ ખ્યાલ આવી જાય કે આ માણસ વેપારી છે. સાડા પાંચ ફૂટ હાઈટ, ગોળ ભરાવદાર ચહેરો, ઘઉંવર્ણો વાન અને ખાસ તો પેટની બહાર નીકળેલી ફાંદ એ વાતની પ્રતીતિ કરાવતી હતી કે જશવંત ખાધેપીધે સુખી છે.

નાનકડા આંચકા સાથે ટ્રેન સ્ટાર્ટ થઈ કે તરત જ હેન્ડસમ પર્સનાલિટી ધરાવતો નિહાર કૂપેમાં પ્રવેશ્યો. છ ફૂટ હાઈટ, એકવડીયો બાંધો, ગોરો વાન અને ચહેરો પરનાં રીમલેસ ચશ્માામાં તેનું વ્યક્તિત્વ આકર્ષક લાગતું હતું. આખા દિવસની દોડધામનો થાક નિહારના ચહેરા પર વર્તાતો હતો. નિહારે બેસતાંની સાથે જ ખભે લટકાવેલ બેગમાંથી લેપટોપ કાઢ્યું જે નિહાર નોકરિયાત હોવાનું ચાડી ખાતું હતું. નિહારના હાથ ફટાફટ કી બોર્ડ ઉપર ફરવા લાગ્યા અને તે ઓફિસના કામમાં એટલી હદે ઓતપ્રોત થઈ ગયો હતો કે તેને એ પણ ખ્યાલ નહોતો કે સામે બેઠેલી વ્યક્તિ તેની સામે સતત તાકી રહી છે. ચાલીસેક મિનિટ બાદ કામ પૂરું કરીને નિહારે લેપટોપ બંધ કરીને હાશકારો અનુભવ્યો.

નિહારનું હવે ધ્યાન પડ્યું કે સામે બેઠેલી વ્યક્તિ તેને ટગર ટગર જોઈ રહી છે. નિહાર તરત આડું જોઈ ગયો.

'કેમ ઓળખાણ ન પડી ? નિહાર શાહ.' જશવંતે નિહારને નામથી બોલાવીને જ પૂછ્યું.

'કોણ... જશવંત ?' નિહારે ચહેરા પર ભાર રાખીને જ પૂછ્યું.

'યાર, આટલાં વર્ષો બાદ મળ્યા... હાથ તો મિલાવ.' જશવંતે પોતાનો જમણો હાથ લંબાવ્યો.

નિહારે પરાણે પોતાનો હાથ જશવંતના હાથમાં મૂકીને અણગમાનાં ભાવ સાથે કહ્યું: 'આપણે સ્કૂલમાંથી છૂટા પડ્યા પછી કયાં મળ્યાં જ છીએ ?'

'હા... નિહાર, આપણે ચાલીસે પહોંચી ગયા. યાર, એક વાત તને કહેવી પડશે કે તારી ઉંમર તો બિલકુલ નથી દેખાતી. માંડ ત્રીસ બત્રીસનો જ દેખાય છે.'

નિહારનાં ચહેરા પર અભિમાનભર્યું સ્મિત રમી રહ્યું.

'નિહાર, કોઈ સારી કંપનીમાં જોબ કરતો લાગે છે.'

'હા, પૂનાની મલ્ટીનેશનલ કંપનીમાં છું. એમ.બી.એ. છું એટલે કંપની પગાર પણ છ આંકડાનો આપે છે.' નિહારે ટાઈની નોબ સરખી કરતાં કહ્યું.

ટ્રેનની ગતિ વધી ગઈ હતી. આખો ડબ્બો હાલક-ડોલક થઈ રહ્યો હતો.

'જશવંત, કંપની મને ગમે ત્યાં મોકલે હંમેશાં પ્લેનની જ ટિકિટ આપે છે. આજે અચાનક છેલ્લી ઘડીએ ફ્લાઈટ કેન્સલ થઈ એટલે આવા હાલક ડોલક ડબ્બામાં બેસવું પડ્યું.' નિહારનાં ચહેરા પર ફરીથી અણગમાનો ભાવ છવાઈ ગયો.

'ચાલો એ બહાને આપણે મળવાનું થયું. જશવંતે લાગણીસભર અવાજે કહ્યું.

નિહાર મનમાં જ વિચારી રહ્યો... હા જો હું પ્લેનમાં ગયો હોત તો તને મળવાનું ક્યાંથી થાત ? સાલા તે તો એરપોર્ટ પણ નહીં જોયું હોય...

'શું વિચારે છે નિહાર ?'

'જશવંત, તને તો યાદ હશે કે ક્લાસમાં કાયમ મારો પહેલો જ નંબર આવતો હતો. ભણવામાં મારી ખૂબ જ બ્રાઈટ કેરીયર હતી.'

'હા... નિહાર, મને બરોબર યાદ છે કાયમ તું પ્રથમ નંબરે જ પાસ થતો અને હું છેલ્લા નંબરે... છતાં ત્યારે આપણા વચ્ચે દોસ્તી હતી. ભણવાની તો મારી પણ ખૂબ જ ઈચ્છા હતી પરંતુ જેના માર્કસ સૌથી વધારે હોય તેને જ ધનરાજ શેઠનાં ટ્રસ્ટની સ્કોલરશીપ મળતી હતી, જેનો લાભ તે સમયે તને કોલેજમાં જવા માટે મળી ગયો હતો અને હું તો દસમાં ધોરણથી આગળ ભણી જ ન શક્યો.'

'હા... જશવંત, તે સમયે કોલેજની ફી તો પેરેન્ટ્સને પરવડે તેમ જ ક્યાં હતી ? હું હંમેશાં ટોપ ઉપર જ રહેતો તેથી મને એકલાને જ સ્કોલરશીપ મળી હતી.' નિહારનાં ચહેરા પર વિજયી સ્મિત રમી રહ્યું.

'નિહાર, યાદ છે ત્યારે ધનરાજ શેઠે તારી પાસેથી એક વચન લીધું હતું ?'

'કયું વચન ?' નિહાર ચમક્યો અને મનમાં બબડ્યો... આ સાલા જશવંતીયાને

તો બધું જ યાદ છે.

'નિહાર, ભણીગણીને પગભર થઈશ એટલે તેમનાં ટ્રસ્ટને મદદ કરીશ અથવા કમ સે કમ એક ગરીબ વિદ્યાર્થીને તારા ખર્ચે ભણાવીશ... એવું વચન તેમણે તારી પાસેથી લીધું હતું.'

નિહાર ખડખડાટ હસી પડ્યો. 'એ તો એ વખતે સ્કોલરશીપનો લાભ લેવા માટે મેં આપી દીધું હશે... બાકી વચન કાંઈ પાળવા માટે થોડા હોય છે ?'

જશવંત ધ્યાનપૂર્વક ખંધુ હસી રહેલા નિહારને નિરખી રહ્યો.

'જશવંત, એ સ્કૂલ લાઈફની વાત જ જુદી હતી... આજે તો હું મારા કરતાં ઓછા સ્ટેટસવાળી વ્યક્તિ સાથે વાત પણ નથી કરતો... દોસ્તી તો બહુ દૂરની વાત છે.'

જશવંત ફરીથી નિહારના ઘમંડ ભરેલા ચહેરાને નિરખી રહ્યો. હવે જશવંત વધારે કાંઈ વાત કરે તે નિહારને પસંદ નહોતું અને મંજૂર પણ નહોતું. તેણે મોટેથી બગાસું ખાધું અને તેનાં તરફની લાઈટ બંધ કરીને ઊંઘી ગયો.

જશવંતનું દિમાગ વિચારે ચડી ગયું... ઉચ્ચ અભ્યાસ અને સારી નોકરીનું આટલું બધું અભિમાન ? લગભગ અઢી દાયકા બાદ મળ્યા તો પણ નિહારે જશવંતનાં વ્યવસાય કે નોકરી બાબતે પૂછવાની પણ દરકાર ન કરી... રખેને કાંઈક મદદ કરવી પડશે તેવો ડર હશે નિહારના મનમાં કે પછી જશવંત માત્ર દસમા સુધી જ ભણેલો હતો તે કારણ જવાબદાર હતું ? શું ઉચ્ચ શિક્ષણ માણસની 'નમ્રતા'નાં ગુણ પર હાવી થઈ જતું હશે ?

વહેલી સવારે બોરીવલી આવ્યું એટલે નિહારનાં મોંઘા મોબાઈલમાં એલાર્મ વાગ્યું, નિહાર ફટાફટ તેની એટેચી અને લેપટોપ બેગ લઈને ઊતરી પણ ગયો. સામેની સીટ પર જશવંત જાગતો બેઠો હતો તે તરફ જોવાની પણ નિહારે દરકાર ન કરી. સ્કૂલ લાઈફનાં બંને મિત્રો વચ્ચે એજ્યુકેશન ક્વોલિફીકેશન જાણે કે દીવાલ બનીને ઊભું રહી ગયું હતું !

ત્રણેક માસ બાદ નિહારને પૂનાથી કંપનીના કામે મુંબઈ જવાનું થયું. કંપનીના જ એક ક્લાયન્ટને એરપોર્ટથી લઈને તે સીધો ફાઈવસ્ટાર હોટલમાં પહોંચ્યો. હોટેલ 'જે.જે.'માં નિહાર આજે પ્રથમ વાર આવ્યો હતો. અચાનક નિહારનું ધ્યાન હોટલના વિશાળ હોલમાંથી બહાર જઈ રહેલી વ્યક્તિ પર પડ્યું. નિહાર ચમક્યો, અરે, આ તો જશવંત છે... સફેદ લેંઘો, ઝભ્ભો અને ઉપર બ્લેક કોટીમાં સજ્જ જશવંત ઝડપથી પગથિયા ઉતરી ગયો. તેની પાછળ સુટ પહેરેલાં સ્ટાફનાં દસ માણસોની ફોજ હતી. ડ્રાઈવરે મોંઘી કારનો દરવાજો ખોલ્યો. જશવંત ઝડપથી પાછળની સીટ પર ગોઠવાઈ ગયો. કાર પોર્ચની બહાર નીકળી ગઈ.

નિહારને તે તરફ સતત તાકી રહેલો જોઈને વેઈટરે વગર પૂછ્યે કહ્યું... 'અમારાં જે.જે શેઠ છે. જે.જે. હોટેલ્સ ગ્રુપનાં માલિક જશવંતભાઈ જાની.'

સિંગાપુરથી આવેલાં પેલા ક્લાયન્ટે નિહારને વધારે માહિતી આપતાં કહ્યું 'યસ્સ, ઈન અવર સિંગાપુર ઓલ્સો, ધેર આર થ્રી હોટેલ્સ ઓફ જે.જે. ગ્રુપ.'

નિહાર સ્તબ્ધ થઈ ગયો. તે દિવસે ટ્રેનમાં મળ્યા ત્યારે તે વિચારતો હતો કે આ દસ ચોપડી પાસ જશવંતે એરપોર્ટ જ નહીં જોયું હોય... તેની બદલે જશવંત તો ચાર્ટર્ડ પ્લેનમાં ફરી શકે તેટલો ધનવાન હતો. નિહારને તેનાં છ આંકડાનાં પગારનું જે અભિમાન હતું તેવા તો અનેક માણસોને જશવંત પગાર ચૂકવતો હતો છતાં ઘમંડનું નામ નિશાન નહીં.

અંગ્રેજી જાણકાર વેઈટરને ખ્યાલ આવ્યો કે આ ટેલબ પર તેમનાં જ શેઠની વાત થઈ રહી છે, તેથી તેણે વધારે માહિતી પીરસી... 'જે.જે. શેઠ તો અમારા માટે ભગવાન છે. અમને સારો પગાર તો આપે જ છે પરંતુ દરેક કર્મચારીનાં બાળકો ભણે તેનું પણ ધ્યાન રાખે છે.'

'એ કઈ રીતે ?' નિહારથી પૂછાઈ ગયું.

'તેઓ કાયમ એમ જ કહેતા હોય છે કે સંજોગવશાત હું નથી ભણી શક્યો પરંતુ તમારા બાળકોને તો ભણાવો જ... જે.જે. શેઠે તેમનાં નફામાંથી ખૂબ મોટી રકમ ફાળવીને એજ્યુકેશન ટ્રસ્ટ ઊભું કર્યું છે, જેમાંથી અમારા બાળકોને રેગ્યુલર સ્કોલરશીપ મળે છે.'

હવે નિહારને સમજાઈ ગયું કે તે સાંજે અમદાવાદ એરપોર્ટની છેલ્લી ફ્લાઈટ જે કેન્સલ થઈ હતી તેને કારણે જ જશવંત ગુજરાત મેલમાં આવ્યો હોવો જોઈએ. નિહારનાં મગજમાં શૂન્યાવકાશ સર્જાઈ ગયો હતો. વેઈટર ઓર્ડર મુજબ વ્હીસ્કીનાં બે પેગ મૂકી ગયો. નિહારે બરફનો એક ક્યુબ વ્હીસ્કીનાં જામમાં નાખ્યો. જોકે ક્યુબ ઓગળી રહ્યો હતો તેના કરતાં અનેક ગણી વધારે ઝડપે નિહારનો ઘમંડ ઓગળી ચૂક્યો હતો !

❖❖❖

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફટથી કરવાનો રહેશે.



# ધૂમરાટ

☐ હરીશ નાગ્રેચા

કોઓ... ઈ જોડે નહીં બોલું હું. રિસાઈ ગયો છું. આટલાં મોટાં પપ્પા-મમ્મી રિસાઈ જઈ, એકબીજા જોડે બોલતાં નથી. હું પૂછું છું, કેમ ? તો કહે છે, તું નહીં સમજે. કેમ નહીં સમજું ? પ્લે-સ્કૂલમાં છું ? સાત વર્ષનો છું, ત્રીજા ધોરણમાં. થર્ડમાં. હુંય નહીં બોલું મમ્મી જોડે, પપ્પા જોડે, હોલ-વર્લ્ડ જોડે. નોટી છે બધા. મીનુ, પિન્કુ જોડે હું લડું તો મને વઢે : બેડ બોય, સે સોરી, ને બુચ્ચા કર. તો પોતે સોરી કહી બુચ્ચા કેમ નથી કરી લેતાં ! બુચ્ચા કરાવવા જજ અંકલ પાસે ગયાં. શું કામ ? હું પૂછું છું તો ફોઈ છણકો કરે છેઃ તારા પાપે ! મેં શું કર્યું ! મારી ચોથી રેન્ક આવી છે, હર્ડલ-રેસ જીત્યો છું, હોમ-વર્ક માટે ગુડ મળે છે, જુઓ ડાયરી ! મારું કોઈ માનતા નથી. હું કોઈનું શું કામ માનું ! તમે નોટી તો હુંય નોટી. શું કામ જવાબ આપું જજ અંકલને, છો પૂછ પૂછ કરતા. કટ્ટા છે. મમ્મી જોડે. પપ્પા જોડે. હોલ-વર્લ્ડ જોડે. નોટી છે. શરદીએ નોટી છે, ગળ્યા જ કરે છે નાકમાંથી, ગંદી...

...ક્લાસમાં ટીચર મારી સામે જોઈ ડોળા કાઢે છેઃ 'પાછો અંગૂઠો ચૂસે છે ! ટેક ઈટ આઉટ્!' 'શું વિચાર કરે છે ?' મમ્મીનો. પિન્કુ મોટેથી બોલે છે. એકસાથે વર્ગ હસે છે. 'સાઈલન્સ !' ટીચર બૂમ મારે છે. હું હાથ કાઢી ચડ્ડીના ખિસ્સામાં સંતાડી, દાબી રાખું છું. પાછો ક્યાંક પોતાની મેળે ! ધ્યાન દે બરોબર કહી ટીચર બોર્ડ પર લખે છે. એ શું બોલે છે એ સમજાતું નથી. જરાય જગ્યા નથી અંદર, ભરચક ભરેલું છે માથું, મમ્મી-પપ્પાના વાય-વાય, હાઉ-હાઉથી. હું જોઈ રહું છું. પાછું વળીને ટીચર પૂછે છેઃ 'ક્યાં જોઈ રહ્યો છે ? સાવ બગડી ગયો છે તું. બેડ, વેરી બેડ...'

...બેડ તો બેડ. છું. ધ્યાન નથી રહેતું તો શું કરશો ? બેન્ચ પર ઊભો રાખશો ? ઈમ્પોઝિશન આપશો- સો વખત લખ. નહીં લખું. વર્ગની બહાર કાઢશો ? કાઢો. હું ક્યાં કોઈને ખપું છું ! સ્કૂલમાં મૂકવા આવતી આજી કહે છે : તને ફોસલાવવા પપ્પા તારું ગાયું ગાય છે. કસ્ટડી મળી જશે પછી...! કસ્ટડી એટલે ? હું પૂછું છું. નાનીમાની ચમચી આજી કહે છેઃ ખબર નથી. જૂઠું બોલે છે, એવું જૂઠું પપ્પાનો ડ્રાઈવર પણ બોલે છે. મને પપ્પા થોડા જ ચીટ કરે ! મમ્મી તો મમ્મી છે એ એવું થોડું જ કરે !...

...કહું છું તમે એકબીજા જોડે બોલો, હસો, મીઠાં લાગો છો ચોકલેટ જેવાં, બહુ ગમો છો. મને એવું તમે કંઈ કરતાં નથી, ને કહો છો હું વહાલો છું. તો બેઉ જતાં કેમ રહો છો, મોં ફેરવીને ! હુંય જતો રહીશ, મોટો થવા દોને ! મને નથી ગમતું, જુદા જુદા ! સોમથી શુક્ર મમ્મી પાસે રહેવાનું, શનિ-રવિ પપ્પા પાસે. જજ અંકલેય ડોબા છે. સાથે કેમ નહીં રહેવાનું, પહેલાંની જેમ ? બુદ્ધુ. પપ્પા ને મમ્મી બેઉ સમજાવે છે : આવતો રહે મારી પાસે તું. ને પોતે ! કેમ કહું મમ્મીને તું બહુ ગમે છે મને. ક્લાસમાં બોર્ડ પર તારું જ મોં દેખાય છે. શ્વાસ ભરાય છે, ઉધરસ ઊપડે છે. ટીચર વઢે છે : 'કેમ ક્લાસને ડિસ્ટર્બ કરે છે. પાણી પી લે. સુ... સુ કરી આવ.' પિન્કુ મારી ટાંગ ખેંચે છે. ક્લાસ એકીસાથે મોટેથી હસે છે. પિન્કુડા, રિસેસમાં તું બહાર તો નીકળ, કરું છું કે નહીં ઢેખાળાથી તારું માથું રાતું. તારા પપ્પા-મમ્મી લડશે ત્યારે ખબર પડશે, પછી હસજે ! ટીચર ફૂટરુલરથી ફટકારશે, કેમ માર્યું પિન્કુને, તોય નહીં લાગે. એકલો એકલો પાકો થઈ ગયો છું. જય બજરંગ બલી તોડ દુશ્મન કી નલી. પણ રાતે મને ગમતું નથી. પપ્પા પાસે હું મમ્મીની વાસવાળો સાડીનો ડૂચો માગું છું, છાતીએ દાબવા. પપ્પા ચિડાય છે : હવે તું મોટો થઈ ગયો, ડૂચા વગર સૂઈ જા. પ્લીઝ પપ્પા ! પપ્પા દાદીમાની સાડીનો ડૂચો આપે છે, છીંકણીથી ગંધાતો. હું સૂઈ ગયાનો ઢોંગ કરું છું...

...શું થયું ? કેમ લડ્યાં ? રાતે તારી મા ઘરે મોડી આવી એટલે ? ક્યાં ગઈ'તી ? છાના છાના પૂછ-પૂછ કરીને બધા હેરાન કરે છે. મમ્મી શું કામ કરે છે ? તારા બાપને ગમતું નથી ? મમ્મી આવી ગઈ કે પપ્પાએ કાઢી મૂકી ? તને કેમ ન લઈ ગઈ ? હું કહું છું મને ખબર નથી, તો મોં બગાડી મને જ મીંઢો કહે છે. એટલે ચૂપ બેસી રહું છું. મૂંજી જેવો. સ્વભાવ બગડી ગયો છે. છે, તો ? તમારું શું જાય છે !...

...માગતો નથી તોય પપ્પા જીન્સ લઈ આપે છે. મમ્મી રિબોકના શૂઝ લઈ આવે છે. તો શું ? બેઉ મારી સાથે આવતાં નથી. પહેરીને ક્યાં જાઉં ? એ પડ્યા નવાનકોર નકામા...

...રવિવારે પપ્પા જોડે સર્કસમાં ગયો. વાઘ-સિંહ આવ્યા, ત્યારે ટૂંટિયું વાળવા મમ્મીનો ખોળો ક્યાં ? મોં સંતાડવા છેડો ક્યાં ? મમ્મી સાથે હોય તો વાઘથી બીવાની મજા પડેને ! પણ આમ મમ્મી ફોસલ છે. સ્વિમિંગ પૂલમાં લઈ જાય, પાણીમાં ધુબાકા

મારવા ના દે, છબછબિયાંમાં શું ? પપ્પા હોય તો ધૂબાંગ પાણીમાં જમ્પ મરાવે. મમ્મી ચીસાચીસ કરે. જોડે જ મજા પડેને, બધા સાથે. મોટા થઈને આટલુંય સમજતાં નથી ! કોણે મોટાં કર્યા એમને ? પૂછીશ જજ અંકલને !... બેલ વાગી ગઈ. પિરિયડ પૂરો થઈ ગયો. ટીચર ચાલી ગઈ. ગોકીરો કરતો ક્લાસ ખાલી થઈ ગયો. હું બેઠો છું. મીનુ બોલાવે છે: 'ચાલ ગરમ વડાં ખાવા, રિસેસ પડી ગઈ, જલદી ચાલ.' મને કોઈ વતાવે તો નથી ગમતું. હું બોલતો નથી. કટ્ટા છે હોલ વર્લ્ડ જોડે. મીનુ પૂછે છે: 'તું ક્લાસમાં જ બેઠો રહેશે, એકલો ?' 'એકલો જ છું. તુંય જા. નથી ખાવું વડું. ભૂખ મરી ગઈ છે, જા !' મીનુ જતી રહે છે. મારી ફાસ્ટ ફ્રેન્ડ. પાટલી પર માથું મૂકી હું આંખ બંધ કરી દઉં છું...

...નાના-નાની પાર્કમાં મમ્મી મને રવિવારે પપ્પા પાસેથી લેવા આવશે, ને આઈસક્રીમ ખવડાવશે, બહુ ભાવે છે, તોય નહીં ખાઉં. એક કોન, બે કોન, કેટલા જોઈએ છે, પૂછશે. હવે મને શરદી નહીં થાય, કેમ આટલી બધી અપાવે છે ? પપ્પાથી સારી થવા ? પણ મમ્મા તું સારી જ છે, આવતી રહેને ઘરે. ત્રણે ત્રણ મજા કરશું, ઢિંગચક કરતાં રમશું વિડિયો ગેમ્સ. પપ્પાને તારા ઘરે લઈ આવું ! મામા ગેટ-આઉટ તો નહીં કરેને ! કરશે તો જીભડો કાઢીશ, પછી મને કહેતી નહીં, નોટી !...

...શુક્રવારે સાંજે પપ્પા મને નાના-નાની પાર્કમાં લેવા આવશે. ઘરે જતાં, પૂછશે: આઈસક્રીમ ખાવો છેને ! ના પાડીશ તો પૂછશે, કેમ ? તને બહુ ભાવે છેને ! પણ કેટલો ખાઉં ? મજા આઈસક્રીમમાં કયાં છે ? મજા પપ્પા-મમ્મીના કોનમાંથી વારાફરતી આઈસક્રીમ ચાટવામાં છે, પહેલાં નહોતો ચાટતો ! પણ સમજતાં જ નથી. કંઈક ફટક્યું છે. હમણાંનું બેઉ પૂછ-પૂછ કર્યા કરે છે: 'તને કોણ ગમે ?' આવું કંઈ પુછાતું હશે ? પપ્પા, મમ્મી કોને ના ગમે ? બેઉ મળશે તો પહેલાં બોલશે નહીં. બોલશે તો વાય-વાય, હાઉ-હાઉ, નો-નો કરશે. મને તો કંઈ કહેશે નહીં. ઘડીક મમ્મી મારો ખભો ખેંચશે, ઘડીક પપ્પા. ખેંચાખેંચીમાં મારો યુનિફોર્મ ચૂંથી નાખશે. ટીચર ચિડાશે: 'તને કોઈ જોવાવાળું છે કે નહીં, યુ શેબી બોય !' મારું કયાંય ધ્યાન નથી. થોડો શેબી, થોડો નોટી થઈ ગયો છું. કોઈને કંઈ કહેવાનો નથી, ઢિંગ્ચક થઈ જવાનો છું, સ્કૂલમાંથી, છો રોતી મમ્મી રજાઈમાં મોં ઢાંકીને ! છો શોધતા પપ્પા રસ્તા પર સાદ પાડતા ! એ જ લાગના છે. હું નહીં સાંભળું, પુલ નીચે સંતાઈ બેસી રહીશ. પણ ત્યાં બાવો બેઠો હશે તો ! ઉપાડી જઈ, આંગળાં કાપી, ભીખ મગાવશે તો ! - સિગ્નલ પર પપ્પા કે મમ્મીની કાર અટકશે, જોશે. મને નહીં ઓળખે તો ! એટલે જ.. ! નહીંતર ક્યારનો મૂવીમાં આવે છે એમ, બૂરી નજરવાલે તેરા મુહ કાલા કહેતો ટ્રકમાં ચડી દૂર... દૂર... ઢિંગ્ચક ન થઈ જાત !...

...જેનું કોઈ ન હોય એનો ભગવાન હોય, દાદાજી કહે છે. હોય તો ક્યાં છે ભગવાન ? મને ગમે છે તોય પપ્પા-મમ્મીને સાથે રહેવાનું કેમ નથી કહેતા ? પપ્પાથી મમ્મીને ગેટ-આઉટ કહેવાય ? મમ્મીથી પપ્પાને શટ-અપ થાય ? ને કર્યું તો એમાં શું ? ટીચર નથી કહેતી અમને : શટ્-અપ, ગેટ-આઉટ ! તોય અમે પાછા નથી જતાં ક્લાસમાં, નથી બોલાવતા ટીચરને ! મેડમ, મેડમ !...

...ચાલુ ક્લાસમાં મારાથી મોટેથી બોલી જવાય છે. ટીચર ભડકે છે: 'શું છે ? કેમ ક્લાસને ડિસ્ટર્બ કરે છે. આઉટ, આઉટ ઓફ માય ક્લાસ. ગો. એન્ડ ચૂસ યોર અંગૂઠા.' દીનુ મશ્કરી કરે છે. વર્ગ હસે છે. દફતર ઢસડતો હું બહાર જઈ લોબીમાં ઊભો રહું છું. ત્યાં પંડ્યા સર આવે છે: 'કેમ, બહાર ઊભો છે ! આજકાલ બગડતો જાય છે તું. આ વખતે ગઈ તારી રેન્ક ચોથીમાંથી ચોવીસ, સ્પોર્ટ્સમાંય સ્કૂલનું નામ બોળ્યું, શેમફૂલ ! અક્ષરોય બગડી ગયા છે. સાવ ઠોઠ થઈ ગયો છે,' હું બોલતો નથી, જોઈ રહું છું. 'જોયા શું કરશ, બાઘા જેવો.' સર ધમકાવે છે. 'કાલે તારા પેરન્ટ્સને સ્કૂલમાં લઈ આવજે.' હું બોલવા જાઉં છું. 'સર !' બોલવા નથી દેતા. 'નો આર્ગ્યુમેન્ટ્સ. સામે બોલે છે ? સે સોરી !...'

...મારી ભૂલ ન હોય તોય મારે જ સોરી કહેવાનું, એવું કેવું ? મને રડાવી, પપ્પા-મમ્મી ભૂલ કરે તો એમણે સોરી નહીં કહેવાનું ? મને જિદ્દી કહે છે, પોતે નહીં ! બોલતાં નથી તે ! જજ અંકલ સામે પપ્પાનો હાથ પકડું તો મમ્મી છોડાવી લે. મમ્મીનો હાથ પકડું તો પપ્પા છોડાવી લે ! મારે બેઉના હાથ પકડવા હોય તો ! કોઈને નથી ગમતું તો કંઈ નહીં. કંઈ નહીં તો કંઈ નહીં, નથી ગમતો, તો નહીં પકડું હાથ, કોઈનોય ! પછી કહેતાં નહીં. ને જજ અંકલ મને જ પૂછે છે, શું કામ ? મોટાને પૂછવું જોઈએને !...

...મમ્મી મોડી ઘરે આવી. આવી તે આવી. શું થઈ ગયુંઈ ? આવે. પપ્પા નથી આવતા મોડા મોડા ! કામ પર જાઓ તો મોડું તો થાયને ! બધાને થાય. નકામો પપ્પાનો પિત્તો ગયો: ક્યાં હતી, ધંધા પર, રખડેલ ! બાર વાગ્યા રાતના. મેં મમ્મીને પૂછ્યું, એટલે ! મને હડસેલતી બરાડી: શટ્-અપ. નમાલા, એટલે શું ? મને કોઈ કહેતું નથી. પણ મને ખબર છે, ગાળ જેવું છે. દીનુને મેં ગધેડો કીધો ત્યારે મમ્મી કેટલી વઢેલી: 'ખબરદાર જો બોલ્યો છે તો, બેડ

બોય' તો તમે બેડ નહીં, રાંડ, છક્કા એવું બોલાય! જજ અંકલે તમને વઢવાં ના જોઈએ?...

...દાદાજી પપ્પાને કહે છે : ડોબો, સમજતો જ નથી.' નાનીમા મમ્મીને કહે છે: 'કંઈ માનતો જ નથી, ઢગો,' છું ડોબો, ઢગો, નોટી, તો નોટી. નોટી જ ગાળ બોલે. લડે, કટ્ટા કરે. તમે જ કરો છો, ને મને કહો છો નોટી! તો કરીશ જ નહીં હોમ-વર્ક, જવાબ જ નહીં આપુંને! મને કોણ આપે છે! ફેઈલ તો ફેઈલ. પહેલી રેન્ક નહીં લાવું. કોના માટે? કોણ ખુશ છે મારાથી? હોત તો લડતાં ન હોત. મોઢાં ચડેલાં હોય છે. પહેલાં કેવાં હસતાં'તાં, મેં જોયાં છેને, નાનો હતો ત્યારે! હું ગુડ બોય નથી. નથી તો નથી. કોના માટે ગુડ બોય બનું? નથી બનવું ગુડ બોય. શું કામ બનું?...

...પપ્પા પાસે હોઉં છું તો મમ્મી યાદ આવે છે. મમ્મી પાસે હોઉં છું તો પપ્પા. બેઉ પૂછે છે: 'ક્યાં ખોવાઈ ગયો છે? શેનો વિચાર કરે છે?' સાચું કહું છું તો ખીજવાય છે: 'તો જા તું ત્યાં.' યાદ આવે તો શું કરું! યાદ આવે. આવી આવીને દેખાય, મમ્મી જ્યુસ કાઢતી, નાહીને વાળ ઝાટકતી, કાર ચલાવતી. પપ્પાએ દેખાય: પેપર વાંચતા, દાઢી કરતા, ફોન પર. આંખ બંધ કરું તોય દેખાય. ક્યારેય, બેઉ, સાથે નહીં...

...ક્યારેક હું પિન્કુને પૂછું છું: તને એવું થાય છે? એ હસે છે. 'ના રે ના! મને કેમ થાય? મને તો દેખાય જને, બેઉ જોડે જોડે, ડેડી-મમ્મી સાથે ઘરમાં સામે જ હોય તે,' બુધ્ધુ! મીનુય મારું કયાં માને છે. કહું છું પપ્પા પાસે હોઉં છું તો નીંદરમાં મમ્મી આવે છે, મમ્મી પાસે હોઉં છું તો પપ્પા, એક એક કરીને છૂટાં-છૂટાં. એમ કેમ? મીનુ કહે છે: 'ગાંડા, ન હોય એ જ દેખાય. મારા બા-બાપુજી નથી એટલે મને દેખાય છે, બેઉ, સાથે સાથે.' હું પૂછું છું: 'મને કેમ નથી દેખાતા. મારેય જોવા છે, તારી જેમ, સાથે, હસતાં, ફોટામાં હોય એવાં.' મીનુ અકળાય છે: 'બાબા, સમજ. તું મમ્મી પાસે હોય, ને પપ્પા ન હોય તો પપ્પા દેખાય. તું પપ્પા પાસે હોય, ને મમ્મી ન હોય તો મમ્મી દેખાય. જે ન હોય એ દેખાય, બેઉ ન હોય તો જ બેઉ દેખાય. તું તો સાવ ફન્ટૂશ છે...'

...ઘરે દાદાજી, ફોઈ, કાકાએ ટીમ બનાવી છે, મમ્મીનું ભૂંડું બોલવા ગોખાવે છે: જજ અંકલને જવાબ આપજે મોટેથી પપ્પા પાસે, સમજ્યો! નાનીમાએ માસી, મામાની ટીમ બનાવી છે, પપ્પાનું વાંકું બોલવા: 'ડાહ્યો દીકરો કહી ફોસલાવે છે: જજ અંકલને કહેજે, મમ્મી પાસે. કહેશેને! શું કહેશે? બેઉ પાસે. પપ્પા-મમ્મી મારાં છે, તમને શું છે? પણ માનતાં જ નથી. પૂછ્યા જ કરે છે : તું કઈ ટીમમાં છે? મારે રમવું જ નથી તો! પીટી-ટીચર કહે છે જે ટીમમાં સ્પોર્ટ્સમેન સ્પિરિટ ન હોય એ ટીમ સામે ન રમાય. હારી જવાય. બધા તોય નાહકનું માથું ખાઈ જાય છે, ત્યારે લાગી ન હોય તોય બારણું બંધ કરી, પોટી પર બેસી જાઉં છું, સાંભળતો: 'ક્યાં છે, છોકરો ક્યાં છે?...'

...વારે વારે પપ્પા કહે છે: 'મમ્મી તને, મને, ઘરને છોડીને જતી રહી. હું ના પાડું છું: જૂઠું ન બોલો. મમ્મી મારા વિના જતી નહોતી, તમે મને ઝૂંટવી, મમ્મીને ધક્કો મારી ગેટ-આઉટ કરી, ને બેઉ જજ અંકલ પાસે ગયાં, કંઈક માગવા. શું. ખબર ન પડી. જજ અંકલ મોટા કોણ? એ કહે એમ કરવાનું! હું કહું, સાથે રહીએ પહેલાંની જેમ! મારું તો કોઈ માનતાં જ નથી. તો કંઈ નહીં. નહીં તો નહીં તો નહીં...'

...શુક્રવાર આવે છે ને મમ્મીનો મૂડ જાય છે: 'તારો પપ્પો આવો ને તારો પપ્પો તેવો,' બબડવા માંડે છે. મમ્મી, તું કહે છે એવા પપ્પા નથી. તોય બબડ્યા કરે. સાંજે નાના-નાની પાર્કમાં મને લઈ જાય. છ વાગે પપ્પા આવે. હાથ પકડી ઢસડી જાય. ઢસડાતો છેડો દેખાય ત્યાં સુધી હું મમ્મુડીને જોયા કરું. જજ અંકલે કહ્યું છે એમ રવિવારે સાંજે, તારી મમ્મી આવી તારી મમ્મી તેવી કરતાં પપ્પા નાના-નાની પાર્કમાં લઈ આવે, ગિફ્ટ અપાવતા. પપ્પાને ઓળખતી ન હોય તેમ મારો હાથ પકડી, મોટરમાં બેસાડી, કાચ ચડાવી દે, ક્યાંય સુધી પપ્પા વેવ કર્યા કરે, ન દેખાઉં તોય!...

...ફોઈ મળે કે પૂછે: 'કેમ છે છાકટી તારી મા? પપ્પા, સામે ભરપૂર ચાવી મારીને મોકલ્યો છેને!' દાદાજી પૂછે; 'શું છે છપ્પરપગીના દાવપેચ!' કાકા મમ્મીને રણચંડી કહે છે: 'યાદ રાખજે, મમ્મીનું માન્યું છે તો! કટ્ટા કરી દઈશું બધા.' મમ્મી, હું પૂછું છું, એ લોકો આવું કેમ બોલે છે! ગુસ્સે છે તારા પર? કેમ? રાતીચોળ થઈ, મને સોડમાં લઈ મમ્મી ધ્રૂજે છે, ડૂસકાં ભરે છે: 'તું જ કહે હું છું એવી? શું કહું? મમ્મી તો મમ્મી જ હોય, બીજું શું હોય! મનેય ગમતું નથી જ્યારે મામા પપ્પાને : વાયડો, વંઠેલ કહે છે, માસી નમાલો, નાનીમા જમડો! હું ચીસો પાડું છું : એ પપ્પા છે, પપ્પાને પપ્પા જ કહેવાય! નમાલો, વાયડો, જમડો! માસી ચીડવે છે. હું એના વાળ ખેંચું છું. રિસાઈ જાવ છું: તમને શું મજા આવે છે આમાં! મમ્મી મને સોડમાં લઈ પૂછે છે: 'આવતો રહેશેને મમ્મા પાસે?' મમ્મીની છાતી પરના તલને આંખ બંધ કરી મૂંગો-મૂંગો ખોતર્યા કરું છું...

...છેલ્લો પિરિયડ બાકી છે. સ્કૂલ છૂટશે. ખબર ન પડી અંગૂઠો ક્યારે મોમાં ગયો. હાથ કાઢી ચડ્ડીના ખિસ્સામાં નાખી, આજીની રાહ જોતો બહાર ધપ્પા પર હું

બેસી રહ્યો છું. પહેલી વખત પપ્પા મને જજ અંકલ પાસે લઈ ગયા ત્યારે ખબર પડી, મમ્મી કાચી-પોચી નથી. અંકલને કહેતી'તીઃ 'હું મા છું. પગભર છું. પોતાનો ફ્લેટ છે, રેડીમેડ ગાર્મેન્ટની ફેક્ટરી છે. છ લાખની આવક છે, ટેક્સ ભરું છું, જરાય ઊતરતી નથી. છોકરાને મારી પાસે રહેવા દેવો જોઈએ.' જજ અંકલ બોલ્યા નહોતા. પપ્પા સામે જોયું હતું. પપ્પાને સાંભળી નાનીમા ચીસ પાડતાં પડી ગયાંઃ 'મૂઆ જૂઠાડા !' ઓર્ડર ઓર્ડર, કહેતાં જજ અંકલ હથોડો ઠોકી ચાલ્યા ગયા હતા...

... આજી ઘરે લઈ આવી. મમ્મી મારી બેગ તૈયાર કરે છે. આજે શુક્રવાર છે. મમ્મીને હું પૂછું છુંઃ 'મને તું પપ્પા પાસે મૂકી જશે, તું નહીં આવે સાથે, ચાલને !' મમ્મી ચિડાઈ જાય છે. રજામાં હોમવર્ક કરી લેજે, બાપની જેમ બપોર સુધી ઘોર્યા ન કરતો. 'મમ્મી રવિવારે લેવા આવશેને ! તું જતી તો નહીં રહેને મને મૂકીને !' મમ્મી જોઈ રહે છે. 'હું જતી રહીશ, આવું કહી તને કોણ બીવડાવે છે, દાદા-કાકા-પપ્પા, કોણ ? કહી દેજે જજ અંકલને. પછી હું જોઈ લઈશ. તું આવતો રહેજે મારી પાસે.' મમ્મી, હું પૂછું છું, 'મારા વગર તને એકલું લાગે તો તારી પાસે રહી જાઉં તો પપ્પાને એકલું ન લાગે !' સાવ ભોળિયો ભટ છે કહી મમ્મી મને છાતીસરસો ચાંપી લે છે. એની છાતીમાં હું જોરથી નાક દાબી દઉં છું. આ શું કરે છે ગાંડા જેવું, મમ્મી અકળાય છે, નાનું બેબી થોડો જ છે ? હું રડું છુંઃ શનિ-રવિ માટે તારી વાસ ભરી લઉં નાકમાં ! મમ્મી મને લાડમાં ભીંસી નાખે છે : 'આવતો રહેશેને રવિવારે !' જો સોમવારે છેલ્લી વખત જજ અંકલ પાસે જવાનું છે. આપણે...'

...હમણાંના દર વખતે પપ્પા કહે છે, તારી મમ્મી નવો પપ્પો લઈ આવવાની છે. તું એનો નહીં હોય એટલે વાંક કાઢી ખૂબ ધીબેડશે તને. એના કરતાં આવતો રહે મારી પાસે. મમ્મી કહે છેઃ 'ચાર દિવસમાં તારો પપ્પો કંટાળી જશે. તારાં બૂટમોજાં, યુનિફોર્મ, હોમવર્કની માથાઝીકથી. દાદાને કહેશે- બહુ કચ કચ છે છોકરાની, મૂકી આવો આઘો એને પંચગનીની બોર્ડિંગ સ્કૂલમાં. બોર્ડિંગમાં કોઈ નહીં હોય. ન પપ્પા, ન મમ્મી. કોઈ નહીં. એકલો તું. બારીએ બેસી રહેજે, અંધારામાં રાહ જોતો.' હું રાહ જ જોઉં છું, જજ અંકલ પપ્પા-મમ્મીના બુચ્ચા કરાવે એની. ફ્રેન્ડશિપ બેન્ડ લઈ કંપાસમાં સંતાડી રાખ્યા છે, તરત આપીશ. બાંધો ને કરો બુચ્ચા, નોટી કયાંનાં. પછી મને ન કોઈ ધીબેડશે, ન બોર્ડિંગમાં મોકલશે. પિન્કુ. મીનુની જેમ મનેય દેખાશે, હસતાં, સાથે ઢિંગ્-ચક કરતાં...

...પપ્પા નિરાંતે ટી.વી. જોયા કરે છે. સાંજ પડી ગઈ છે, રવિવારની. મને મૂકવા આવવાની પપ્પાને કોઈ ઉતાવળ નથી. કહું છુંઃ 'ચલો મમ્મી રાહ જોતી હશે. મને બેસાડી દે છેઃ છો જોતી. કંઈ જરૂર નથી જવાની. કાલે હું તને લઈ જઈશ જજ અંકલ પાસે.' રાતે મમ્મીનો ફોન આવ્યો. પૂછતી'તીઃ 'મને લઈને પપ્પા પાર્કમાં કેમ ન આવ્યા, એણે કેટલી રાહ જોઈ.' પપ્પાએ મમ્મીને ધમકાવીઃ 'ન આવ્યો તો ? કાલે સીધી જ જજની ચેમ્બરમાં મળજે. જા થાય એ કરી લે.' લડ્યા. પપ્પાએ ફોન પછાડી મૂકી દીધો. મેં પૂછ્યું : 'મને કેમ ન આપ્યો, મારે વાત કરવી'તી.' પપ્પા પગ પછાડતા ચાલ્યા ગયા. ગરોળી જેવી ફોઈ બારણા પાછળ સંતાતી હતી. મમ્મી રડતી હશે. શું કરું ?...

...મારી કોઈ ટિંગલ કરવાનું નથી, આજે સ્કૂલે જવાનું નથી. મને તૈયાર કરીને પપ્પા જજ અંકલની ચેમ્બરમાં લઈ આવ્યા છે. મમ્મી, માસી, નાનીમા પહેલાંથી જ આવી ગયાં છે. શિયાવિયા મમ્મી છાનું વેવ કરે છે. સામે વેવ કરવા જતો મારો હાથ કોઈ પકડી રાખે છે ને મમ્મી ન દેખાય એમ આડી ઊભી રહી જાય છે. હટો ! હું ધક્કો મારું છું ત્યાં જજ અંકલ આવે છે. ભુલકણા એકનું એક પૂછશે પાછુંઃ તારે ક્યાં જવું છે ? પેટમાં ઘુરઘુર બોલે છે. વારે ઘડી બાથરૂમ જેવું લાગે છે. રાતે નાઈટ-સૂટમાં થઈ ગઈ. ગાદલું બગડ્યું નહીં. નહીંતર...! પહેલાં પપ્પા સામે જોઉં છુંઃ નવો પપ્પો ધીબેડશે તને. ચીડ ચડે એવું ડાગલા જેવું પપ્પા હસે છે. પછી મમ્મી સામે જોઉં છુંઃ બોર્ડિંગમાં કોઈ નહીં હોય. ન પપ્પા ન મમ્મી. મમ્મી ઠોબારાં આંખમીંચામણાં કરે છે. મીનુને નથી એટલે બેઉ દેખાય છે, જોડે જોડે હસતાં. મારેય ! હું પપ્પા, મમ્મી બેઉ સામે જોઉં છું, તોય ઘુવડ જેવો જજ અંકલ સમજતો નથી. પૂછ્યા જ કરે છે. કોઈને દેખાય નહીં એમ, મનમાં ને મનમાં રિસાઈ હું દાંતિયા કરું છું. જજ અંકલ કહે છે, 'તું ગભરાઈશ નહીં, બોલ બેટા બોલ. કોઈનીયે સામે જોયા વગર, મનમાં જે હોય તે બોલ. મમ્મી કે પપ્પા, તારે ક્યાં જવું છે ? બોલ બેટા !' હું ધીરેથી કહું છું. બહેરો હોય તેમ કાને હાથ દઈ, આંખ ચૂંચી કરી જજ અંકલ પૂછેઃ 'શું ? જરા મોટેથી બોલ.' હું બરાડું છુઃ 'બો... ર્ડિં...ગમાં.'

મુંજાય છે શું મનમાં, સમય જતાં
વાર નથી લાગતી, કાંકરાને
રેતીમાં બદલાતા વાર નથી
લાગતી, પ્રેમથી જીવન
જીવી લેજો દોસ્તો, હૃદયને
બંધ થવામાં વાર નથી
લાગતી... વ્યક્તિ શું છે એ
મહત્ત્વનું નથી, પણ એ વ્યક્તિમાં
શું છે એ બહુ મહત્ત્વનું છે.

# કરિયાવર

ગોપાલકુમાર ધકાણ

હજારેક માણસોની વસ્તીનું ગામ. ગામમાં જુદી જુદી જ્ઞાતિનાં દોઢસોક ઓરડાં. જેમાં સૌથી મોટું - મોભી ખોરડું શેઠ પુરુષોત્તમદાસનું. ધંધો સોના-ચાંદીના વેપારનો. ત્રણ દીકરા અને ત્રણ દીકરી. ઘરમાં બેત્રણ ભેંસો, દૂધ-ઘીની રેલમછેલ. મોટું મકાન, ચાર-પાંચ ઓરડા. ઘર દુકાન ભેગાં. મોટું ફળિયું એ પણ લાદી નાખેલું. નાના નાના ક્યારામાં ફૂલછોડ. ગામ ખાતે એક જ ઍમ્બેસેડર કાર શેઠના ફળિયાને શોભાવતી. શેઠનો સ્વભાવ માયાળુ. રહેણીકરણી ઊંચી છતાં સ્વભાવ એકદમ નરમ. સગાંસંબંધીનો જમાવડો કાયમ જોવા મળે. ગામની કોઈ પણ વ્યક્તિની પડખે જે દી' ઈશ્વર પણ ન ઊભા હોય તે દી' શેઠ એનું બાવડું ઝાલે. લગ્ન, પ્રસૂતિ, દવાખાનું-સાંજેમાંદે ગામના કોઈ પણ ઘર માટે શેઠના દરવાજા ખુલ્લા ને ખુલ્લા જ.

સમય પસાર થતાં દીકરા-દીકરીઓ વરાવવાનો સમય થયો હતો. ત્રણેય દીકરીઓ મોટી હતી. હર્ષભેર દીકરીઓને એક પછી એક પરણાવી. હવે શેઠને મોટા દીકરાને ઝટ પરણાવી ઘરમાં વહુ સ્વરૂપે દીકરી લાવવાની ઝાઝેરી ઈચ્છા. ખાનદાની ખોરડું. સામેથી માગાં આવે. સમય જતાં પોતાના ઘરલાયક એક ઘરમાં દીકરાનું સગપણ કર્યું. થોડા સમયમાં જ લગ્ન કર્યાં. ગામેગામથી મહેમાનો નોતર્યા. ગામનો નાનામાં નાનો માણસ પણ શેઠને ત્યાં કંઈક આહુતિયાં કરવા રોકાયો. પ્રસંગ નિર્વિઘ્ને થયો. ફળિયું પાછું હર્યુંભર્યું લાગવા માંડ્યું.

એ સમયે (આશરે ત્રણેક દાયકા પહેલાં) ગામડાગામમાં નવી પરણેલ વહુનો કરિયાવર પાથરવાનો રિવાજ. ગામના લોકો ખાસ કરીને બૈરાંઓ જોવા આવે ને શુકન રૂપે વહુના હાથમાં કંઈક ભેટ-સોગાદ - રોકડા પૈસા આપે, સૌ મોં મીઠાં કરે, અને



આખી બપોર આમ ગામની સ્ત્રીઓની આવ-જા રહ્યા કરે.

ગામ ખાતે એક આખાબોલી ડોશી. નામ કાળીમા. પણ 'યથા નામ તથા ગુણ' રૂપથી કંઈ ખાસ કાળી નહિ પણ જીભળી કાળી. સરપંચ હોય કે અમલદાર મોઢામોઢ જ સંભળાવે. આખા ગામમાં એના જીભની જાણે રાડ ! ભલી તો ભલી નહીં તો કુવાડા કાપે એવી જીભ. ભૂખરું કાપડું ને બજરિયા રંગનો સાડલો એ એનો કાયમી પહેરવેશ. કમરથી સહેજ વળેલી. ચાલવા લાકડીનો ટેકો રાખે. ચાલવાની થોડી તકલીફ સિવાય આંખ-કાન-નાક-દાંત તો જુવાનનેય શરમાવે એવાં. ઓટલા સભા કરવી, ખટપટ કરવી, ચાબુક જેવાં વેણ બોલવાં એ એનો શોખ અથવા સ્વભાવ. પૈસેટકે વળી બેઠી બેઠી ખાઈ શકે એટલી સુખી. ગામના તમામ પ્રસંગે માંડીને અલગથી તેડું ને અલગથી નોતરું આપવું પડે એવો તો એનો રુઆબ ! અને વળી, ગામની નવી પરણીને આવેલ વહુને યોગ્ય અયોગ્યનો સિક્કો જાણે કાળીમા જ મારે...!

શેઠના દીકરાની વહુનો કરિયાવર પથરાયો. તે જોવા ગામનાં તમામ બૈરાંઓ વારાફરતી આવ-જા કરતાં હતાં. એવામાં કાળીમાએ ફળિયામાં પગ મૂક્યો.

ફળિયામાં જ કેટલીક વ્યક્તિઓ સાથે બેઠેલા શેઠનું ધ્યાન તેના પર પડતાં જ ચાલુ વાતને અડધી મૂકીને કાળીમા તરફ જોઈને બોલ્યા, 'આવો, આવો માડી... જે નારાયણ... કેમ મોડાં પડ્યાં ?'

'લે ભૈ, ક્યાં મોડી સુ ? તારે ન્યાં પરસંગ હોઈને ભલી હું નો આવું ઈવું સાલતું હયશે ?'

'સારું સારું લ્યો તંયી, મોઢું મીઠું કરો.' બોલી શેઠે જગ્યાએથી ઊભા થઈને પતાસા ભરેલો ત્રાસ કાળીમા સામે ધર્યો.

'મોઢું મીઠું પશી હોં, પેલવેલા તો મારે વવનું મોઢું ઝૉવુંસ... હું હું લયાવી સે બાપના ઘેરેથી એ તો જોવા દે...' કાળી ડોશી લટકા કરતાં બોલ્યાં...

બધી રીતે ત્રેવડવાળા શેઠને કાળીમા સામે જીભ ચલાવવાની ત્રેવડ ના ચાલી એટલે આગળ કંઈ પણ બોલ્યા વિના શેઠને હસવું આવી ગયું અને પછી બોલ્યા, 'જાવ ત્યારે, સામેની રૂમમાં બધાં છે.'

લાકડીનો ઠબ ઠબ અવાજ કરતાં, લાંબા લાંઘા ફાડીને કોઈ વંટોળિયાની માફક ડોશી કરિયાવર પાથરેલ રૂમમાં પહોંચ્યાં. લાકડીનો અવાજ સાંભળીને સાબદાં બનેલાં અને અગાઉથી જ અંદાજ કાઢી લીધો હોય એ રીતે શેઠાણી બોલ્યાં... 'લે... આવો આવો મા...'

કાળી ડોશીએ માત્ર 'હમમમમ' કરી હોંકારામાં પ્રત્યુત્તર વાળ્યો અને કોઈ પ્રશિક્ષિત નિરીક્ષકની માફક નિરીક્ષણ કરવા લાગ્યાં... અને બોલ્યાં 'તે... શેઠાણી, આપણાં નવાં વઉ ક્યાં સે હેં ?'

'આ રહ્યાં' શેઠાણીને ટૂંકો જવાબ આપવામાં ભલાઈ લાગી. શેઠાણીએ ઈશારાથી વહુને બોલાવી. વહુ ડાહ્યી અને

ખાનદાન ઘરની હતી એટલે સમજી ગઈ કે ડોશી કંઈ વિશેષ વ્યક્તિ છે અને અલગ પ્રકારનું માણસ છે.

'નારાયણ, બા' કહેતાં વહુ ડોશીને પગે લાગ્યાં. પરંતુ ડોશીના મોઢા પર કોઈ ફેરફાર ન થયો. તે તો કરિયાવર જોઈ રહી હતી; નીરખી રહી હતી. જાણે એની આંખની કીકીમાંથી આજે એક પણ વસ્તુ બાકાત ન રહે એ રીતે એની દૃષ્ટિ બધી વસ્તુઓ પર વારાફરતી જતી હતી. ગાદલાં, ગોદડાં, રજાઈ, ઓશીકાં, ટેકા, સાડી, ચાકળા, તોરણ, બાજોઠ, ટીપ, વાસણ, ઘરેણાં, કપડાં-લત્તાં એમ તમામ વસ્તુઓ પર નજર ફેરવી. બે-ત્રણ મિનિટ સુધી એક હાથ કમરે અને બીજો હાથ હડપચીએ ચોંટાડી ડોશી જોવામાં મશગૂલ હતાં. બીજી બહેનો માને જોઈને જ આઘીપાછી થઈ ગયેલી.

ત્રણેક મિનિટના સુન ચોઘડિયા પછી ડોશી બોલ્યાં, ''હેં, શેઠાણી...! એક વાત કઉં ?'' શેઠાણી સમજીને થોડાં નજીક ગ્યાં જેથી ડોશી થોડું ધીમું બોલે. પણ ત્યાં તો ડોશી જોરથી બોલી, ''બઉ સારા સગા મળીયા સે હોં... કેવું પડે...! પણ...''



શેઠાણી સમજી ગયાં કે ડોશી દૂધમાંથી પોરા કાઢે એવી છે... એટલે એ 'પણ'નો કશો પ્રત્યુત્તર આપવાનું ટાળ્યું. અને હોઠ ઉપર ખાલી સ્મિત રાખ્યું. ત્યાં ડોશીએ જાણે અધીરાઈથી બોલી, ''વેવાઈએ બધું દીધું પણ બેડું ક્યાંય દેખાતું નથ...''

નવી વહુ કશું સમજી શકી નહીં ને શેઠાણીએ ઝડપથી બધી જ વસ્તુ પર નજર ફેરવી લીધી... ત્યાં બીજા બૈરાંઓનો ઉંબરા પાસેથી ગુસપુસનો અવાજ આવવા લાગ્યો. વાત બદલવાના ઈરાદાથી બીજાં બૈરાંઓને બહારની બાજુએથી અંદર આવવા શેઠાણીએ ઈશારો કર્યો અને બોલ્યાં, ''લે આવો આવો, કેમ બાર્યે ઊભાં છો... તમને મોં મીઠું કરાવવાનું તો રૈય ગયું... ઊભાં રો આવું, હોં... તમે અંદર આવતાં રયો.'' આટલું બોલી શેઠાણી સરકી ગયાં.

કાળી ડોશીને ખટપટનો મુદ્દો મળી ગયો હોય એમ હરખથી એની હડપચી ધ્રૂજવા લાગી. બીજાં બૈરાંઓ એનાથી દૂર જ રહે. એટલામાં શેઠાણી પતાસાનો ત્રાસ લઈ રૂમમાં આવ્યાં. અને બધાંનાં મો મીઠાં કરવા લાગ્યાં. પણ ડોશી જંપે એવી નહીં. ફરીથી એનું એ જ બોલી. હવે, શેઠાણીથી ન રહેવાયું, ''સામાન ફેરવવામાં ક્યાંક આડુંઅવળું મુકાઈ ગ્યું હશે, ને આપણે તો ઘરની ડંકી છે ને બા ! જમાનો બદલાઈ ગયો છે, હું કંઈ મારી વઉને બેડાં લઈને પાણી ભરવા નઈ જાવા દઉં...!'' દાંત કાઢતાં શેઠાણી એક જ શ્વાસમાં આટલું બોલી ગયાં.

કાળી ડોશી હવે વાતને કળી ગઈ હોય તેમ લટકો કરતાં બોલી, ''હાં... બાઈ... તમારી તે વાત થાય..! પણ આ તો શુકનનું બેડું કે'વાય એટલે કીધું, બાપા, એટલું દેતાં હોય એમાં બેડું ક્યાં ઝાઝું પડવાનું સે ? શેઠાણી, ઢાંકો-ઢૂબો રે'વા દ્યો ને હું ક્યાં કોક સુ ?''

બધી સ્ત્રીઓની નજર શેઠાણીના ચહેરા પર સ્થિર થઈ અને લાગ્યું કે હમણાં શેઠાણી સમસમતું વેણ સંભળાવશે પણ શેઠાણીએ પરાણે સ્મિત હોઠ પર જકડી રાખ્યું.

એટલામાં જ દુકાનનો નોકર, રૂમના ઉંબરે ઊભાં ઊભાં જ બોલ્યો, ''બા... આ લ્યો.'' એમ કહીને ત્રાંબાનું નકશીકામ કરેલું, ઝગારા મારતું એક બેડું રૂમના ઉંબરે મૂકીને ચાલ્યો ગયો. શેઠાણીની આંખમાં ચમક આવી ગઈ અને વહુને વટપૂર્વક આદેશ આપતાં બોલ્યાં, ''લ્યો બેટા, ઓલા ખૂણામાં મૂકી દ્યો બધાંયને દેખાય એમ...!'' કાળી ડોશીનો ઘા ફગી ગ્યો હોય એમ ઝંખવાણી પડી ગઈ અને સડસડાટ બહાર નીકળી ગઈ.

વેવારમાં આવતી-જતી તમામ સ્ત્રીઓએ એક પછી એક વિદાય લીધી. એ દિવસે બધો કરિયાવર પાછો વ્યવસ્થિત જે તે જગ્યાએ મુકાણો. સામાનની ગોઠવણીમાં ને ગોઠવણીમાં સાંજ પડી ગઈ. ઘરમાં કોઈએ કંઈ પણ ચર્ચા કરી નહીં .

બીજે દિવસે સવારે નવોઢા વહુ સૌથી પહેલાં ઊઠ્યાં . દિનચર્યા પતાવી રસોડામાં પગ મૂક્યો. પોતાની સૂઝથી બધી વસ્તુ હાથવગી કરીને ચા બનાવી અને હાથમાં પાણીનો લોટો અને ચા લઈ, ફળિયામાં દાતણ કરીને બેઠેલા સસરા પાસે ગઈ. ખાટલાની બાજુ પરના નાના ટેબલ પર પાણી અને ચા મૂકતાં વહુ બોલ્યાં, ''બાપુજી, ચા મૂકું છું.''

નવી વહુનો પહેલવેલો અવાજ સાંભળીને શેઠ જરા ઝબકી ગયા. હજુ કંઈ બોલે એ પહેલાં જ વહુ એક બાજુ ફરીને બોલ્યાં, ''બાપુજી, મને એક વાત ન સમજાણી ?''

''શું થયું, બેટા ?'' નેણને ભેગાં કરતાં નીચી નજરે જ શેઠ બોલ્યા.

''બાપુજી, ઓલું બેડું આવ્યું ક્યાંથી ?''

શેઠને આવા કોઈ પ્રશ્નની અપેક્ષા ન હતી. એટલે ઉધરસ ખાવાનો ઢોંગ કરીને થોડું મલક્યા. પછી બોલ્યા, ''તમારા બાપાને ત્યાંથી જ આવ્યું હશે ને, બેટા... મને શું ખબર ?''

પાણીના ખળખળાટની જેમ વહુ બોલ્યાં, ''હા... હા સાચું... તો તો આજથી તમે જ મારા બાપા ને ?'' આટલું બોલી, નીચે પડેલો ખાલી પાણીનો લોટો લેતાં, શેઠના લાંબા થયેલા પગને સ્પર્શીને આડકતરું પગે લાગતાં વહુ રસોડામાં ચાલી ગઈ.

❖❖❖

સા
હિ
ત્ય
વૃત્ત



ધ્રુવ ભટ્ટ

## કવિનો શબ્દ

- દરિયાની છાતી પર ઢોળાતું જાય એવું યાયાવર ગાન છીએ આપણે
  સમદરને પાર જેનાં સરનામાં હોય એવાં વણજાણ્યા નામ છીએ આપણે
- વસંતનો વાચા ફૂટી તે કહીશું
  વને ડાળખીઓ ઝૂકી તે કહીશું
- એક ફૂલ ઉઘડતું જોયું જોયું ને કદી દીઠું ન હોય એમ જોતા ગયા
  કારણ પૂછો તો અમે જાણીએ ન કાંઈ અને છાબ છાબ આંસુઓ રોતા ગયા

ચાલ સખી પાંદડીમા ઝાકળનાં ટીપાની જેમ ફરી જિંદગીને મૂકીએ
ટેરવાનો સ્પર્શ એક ઘટના કહેવાય છે કે લાગણી ગણાય એમ પૂછીએ
વેદના તો અડીખમ ઊભો કંઠાર જતાં આવતાં જુવાળ ભલે ખોતરે
સુખ સાથે આપણો તો જળનો સંબંધ ક્યાંક રેતી ઢાંકે ને ક્યાંક ઓસરે
છીપલાંની હોડીને શઢથી શણગાર ચાલ કાંઠો છોડીને હવે ઝૂકીએ
પાંદડીમાં ઝાકળના ટીપાની જેમ સખી ચાલ ફરી જિંદગીને મૂકીએ
ચાંદનીને ચાંદનીનું નામ ન'તા દેતાં એ વાતો અકબંધ મને યાદ છે
વૃક્ષ પછી ડાળ પછી પંખીનો માળો ને ઉપર આકાશ જેવો સાદ છે
મૂળમાંથી ફૂટે ને ટોચ સુધી જાય એવી લાગણીને કેમ રે ઉવેખીએ
ઝાકળ શી જિંદગીને પાનની લીલાશ પરે ચાલ સખી એકવાર મૂકીએ.

**ધ્રુવ ભટ્ટ એક સર્જક, કવિ, ચિત્રકાર, આરોહક ને રખડપટ્ટી કરનારા અલગારી નવલકથાકાર છે. 'શ્રુણવંતુ' અને 'ગાય તેના ગીત' એમના કાવ્યસંગ્રહો છે તેમની 'કર્ણલોક', 'અકૂપાર', 'લવલી પાન હાઉસ', 'તત્વમસિ' અને 'સમુદ્રાન્તિકે' આ નવલકથાઓ અનેક ભાષામાં અનુદિત થઈ છે સાહિત્ય અકાદમીના પારિતોષિક પ્રાપ્ત થયા છે. 'તત્વમસિ' પરથી બનેલી ગુજરાતી ફિલ્મ 'રેવા' એ ગુજરાતી ફિલ્મે ખૂબ લોકચાહના પ્રાપ્ત કરી છે. પ્રકૃતિ તેમના સર્જનનો પ્રાણ બની છે. નીલા ટેલીફિલ્મસ્‌ના સહયોગથી શરૂ થયેલી 'ધ્રુવગીત' ની ચેનલ ગુજરાતી સાહિત્યપ્રેમીઓની સંવેદનાને સ્પર્શે છે. ધ્રુવ ભટ્ટની કેટલી સુંદર રચનાઓ અત્રે પ્રસ્તુત છે.**

**– સંધ્યા શાહ**

ઓચિંતું કોઈ મને રસ્તે મળે ને
કદી ધીરેથી પૂછે કે કેમ છે
આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં ને
ઉપરથી કુદરતની રહેમ છે
ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે
અમે છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં
એવું લાગ્યા કરે છે મને રોજ
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે
અને ઉપરથી કુદરતની રહેમ છે
આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી
વધઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી
સૂરજ તો ઊગે ને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમનેમ છે
અને ઉપરથી કુદરતની રહેમ છે

સ્મરણોનું એવું કે ક્યાંક હોય ધૂળ ક્યાંક ફૂલ ક્યાંક રેતી
કે ધોધમાર વરસ્યો વરસાદ;
પગલાંની છાપ ક્યાંક ઓગળતી આંખ ક્યાંક ભીંજાતી લાગણી
કે દૂર દૂર રવરવતો સાદ.

ફાગણના ફૂલ સમું એકાદું નામ ક્યાંક વગડાની શૂળ જેમ વાગે
પાંપણમાં રઢિયાળું સપનું સરે ને ક્યાંક જંગલમાં આગ આગ લાગે
સરવરમાં સંધ્યાના ઓગળતા રંગ ક્યાંક રાત ક્યાંક ચાંદની
કે રોમ રોમ પડતી સવાર.
પગલાંની છાપ ક્યાંક ઓગળતી આંખ ક્યાંક ભીંજાતી લાગણી
કે દૂર દૂર રવરવતો સાદ.

આખોએ બાગ ક્યાંક ઝાકળની જેમ સાવ ઓચિંતો આભ બની ઝૂકે
સાતમા પતાળવાળો પરીઓનો દેશ કોઈ મારો છે લાવ કહી રૂઠે
પર્ણોની જેમ ક્યાંક ફરફરતા હોઠ, ક્યાંક ચૂપ, ક્યાંક વાણી
કે રણણણણણ રણઝણતો નાદ.
પગલાંની છાપ ક્યાંક ઓગળતી આંખ ક્યાંક ભીંજાતી લાગણી
કે દૂર દૂર રવરવતો સાદ.

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૨-૨૦૨૧ પછી મળેલ રકમની વિગત**

**શ્રી ગિરીશભાઈ ભગવાનલાલ સંઘવી - વિલેપાર્લા ₹ ૨,૦૦,૦૦૦/-**

# સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**

સ્વ. સોનલબેન દેવાંગકુમાર શાહની પુણ્યતિથિ નિમિત્તે ધાંગધ્રા નિવાસી (હાલ - બોરીવલી) માતુશ્રી પદમાબેન સુર્યકાંતભાઈ શાહ પરિવાર ધાર્મિક પારિતોષિક ૧૧૦૦૦/-

રામપુરા નિવાસી હાલ બોરીવલી અતુલ ભાઈ અમૃતલાલ શાહની સુપુત્રી ચિ. શ્રુતિ ના શુભ લગ્ન, તળાજા નિવાસી હાલ બોરીવલી શ્રી જયેશભાઈ શાંતિલાલ શાહ ના સુપુત્ર ચિ હર્ષ સાથે થયા તેની ખુશાલીમાં... બન્ને પક્ષ તરફથી રૂા. ૧૧૦૦૦ + ૧૧૦૦૦ કુલ રૂા.૨૨૦૦૦

સ્વ. ઘેલીબેન લક્ષ્મીચંદ ગોપાણી તથા લક્ષ્મીચંદ ચતુરદાસ ગોપાણીની સ્મૃતિમાં માનવરાહત ફંડ ૧૧૦૦/-

સ્વ. શારદાબેન અમૃતલાલ ગોપાણી તથા અમૃતલાલ લક્ષ્મીચંદ ગોપાણીની સ્મૃતિમાં તબીબી રાહત ફંડ ૧૧૦૦/-

# પ્રભુતામાં પગલાં

| | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **હર્ષિત-મીતી** | | |
| શ્રી બિરેનભાઈ પ્રવિણચંદ્ર ગાંધીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી નિલેશભાઈ રસીકલાલ શાહની સુપુત્રી પાટણ નિવાસી (હાલ - તારદેવ) | ૨૫૦૦ | ૨૫૦૦ |
| **ભવ્ય-કલ્પિ** | | |
| શ્રી સમીરભાઈ ચંપકલાલ સંઘવીના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી નિલેશભાઈ પ્રવિણચંદ્ર ગોપાણીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - વિલેપાર્લા) | ૨૦૦૧ | ૨૦૦૧ |
| **બ્રીજેશ-ઈશીતા** | | |
| શ્રી કિરીટભાઈ કાંતિલાલ ગાંધીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી મીતેશભાઈ પ્રવિણ કોઠારીની સુપુત્રી ગોંડલ નિવાસી (હાલ - વિલેપાર્લા) | ૫૦૧ | ૫૦૧ |
| **કીર્તન-ખ્યાતિ** | | |
| શ્રી દિનેશભાઈ દેવચંદભાઈ સંઘવીના સુપુત્ર ગુંદિયાળા નિવાસી (હાલ - ડોમ્બિવલી) | | |
| શ્રી ગીરિશભાઈ પરમાનંદદાસ ગાંધીની સુપુત્રી ગારીયાધાર નિવાસી (હાલ - ડોમ્બિવલી) | ૫૦૧ | ૫૦૧ |

# વેવિશાળ

| | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **કુનાલ — રિદ્ધિ** | | |
| શ્રી ઈલેશભાઈ કાંતીલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - વાપી) | | |
| શ્રી હિમાન્સુભાઈ અરવિંદભાઈ બારભાયાની સુપુત્રી કારયાની નિવાસી (હાલ - મલાડ) | ૨૫૧ | ૨૫૧ |
| **આશય — અવની** | | |
| શ્રી હિતેશભાઈ હસમુખલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - કાંદીવલી) | | |
| શ્રી કલ્પેશભાઈ દિનેશચંદ્ર આયાની સુપુત્રી રાજકોટ નિવાસી (હાલ - બોરીવલી) | ૧૧૧૧ | ૧૧૧૧ |
| **કરણ — જીલ** | | |
| શ્રી રાજેશભાઈ ભીખાલાલ રૂપેરાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી પંકજભાઈ ચંદ્રકાતભાઈ દોશીની સુપુત્રી થાનગઢ નિવાસી (હાલ - કાંદીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **સાહિલ — મોસમ** | | |
| શ્રી હેમંતભાઈ સુરેશભાઈ રાઠીના સુપુત્ર ફલોદી નિવાસી (હાલ - દહીંસર) | | |
| શ્રી રાકેશભાઈ નવિનચંદ્ર શીવલાલ શેઠની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |

જીવશો ત્યાં સુધી...
ઠોકરો તો લાગ્યા જ કરશે,
પણ ઊઠવું તો એકલા જ પડશે. કેમ કે.....
જ્યાં સુધી શ્વાસ ચાલે છે ત્યાં સુધી
કોઈ ખભો દેવા નહીં આવે

*BIODATA CORRECTION*
Priyank Kamlesh Shah will be in India
till 5th March.

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે. ઝાલાવાડી સભાના સભ્યોએ સભા પ્રત્યે સદાય સ્નેહ છલકાવ્યો છે. આધારસ્તંભ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### શ્રદ્ધાંજલિ



**ધાંગધ્રા નિવાસી – હાલ બાંદ્રા**

## પૂજ્ય પિતાશ્રી ઈન્દુકુમાર શાંતિલાલ શાહ

**જેમનું સમગ્ર જીવન ધર્મ ને, સદ્ગુરુને સમર્પિત રહ્યું તેવા રાજ સોભાગ સત્સંગ આશ્રમ - સાયલા ના ઉત્તમ મુમુક્ષુ ઈન્દુકુમાર શાંતિલાલ શાહના સ્મરણાર્થે પરિવારજનો તરફથી....**

**ઝાલાવાડી સભા - આધારસ્તંભ યોજનામાં દરેકના રૂ. ૧૧૦૦૦/-**

- નિલેશ ઈન્દુકુમાર શાહ
- સૌરભ ઈન્દુકુમાર શાહ
- મનિષ ઈન્દુકુમાર શાહ
- મીના નિલેશ શાહ
- સોનલ સૌરભ શાહ
- રૂપલ મનીષ શાહ
- નમન નિલેશ શાહ
- નીકી નિલેશ શાહ
- સમીપ સૌરભ શાહ
- શનય મનીષ શાહ

# આપણો શબ્દવૈભવ

ગણેશ : ગણપતિ, વિનાયક, ગજાનંદ, લંબોધર, કાર્તિકેય, ખડાનન, ગૌરીસુત, એકદંત, હેરંબ

પાર્વતી : ગિરિજા, અર્પણા, શર્વાણી, શંકરી, ગૌરી, હેમવતી, દુર્ગા, કાત્યાયી, અંબિકા, ભવાની, શૈલસુતા, સતી, શિવાની, ઈશ્વરી, ઉમા, ભ્રામરી

ગણિકા : વૈશ્યા, રામજણી, તવાયફ, પાત્ર, બંધણી, કનેરા, ગુણકા, માલજાદી

વિવેક : નમ્રતા, સભ્યતા, દાક્ષિણય, ડહાપણ, દાનિશ, વિનયી, સાલસ, ઇક્લાક, અદબ, મર્યાદા, સમજુ, સીમા, મલાજો

ભરોસો : યકીન, અકીદા, પ્રતીતિ, વિશ્વાસ, પતીજ, ખાતરી, શ્રધ્ધા, મદાર, આસ્થા, ઇતબાર

કામના : ઈચ્છા, મનીષા, મહેચ્છા, સ્પૃહા, તૃષ્ણા, વાસના, ઐષણા, આકાંક્ષા, મરજી

કચેરી : કાર્યાલય, મહેકમ, વિભાગ, ખાતું, દફતર

લાગણી : ભાવના, ધારણા, કલ્પના

કબૂતર : કપોત, શાંતિદૂત, પારેવું, પારાયત

મોરલી : વાંસળી, મહુવર, બીન, બંસરી, પાવો, વેણું

ખલાસી : નાવિક, મલ્લાહ, ખારવો

દવા : ઔષધી, ઓસડ, અગદ, ભેષજ

સીતા : જાનકી, વૈદેહી, મૈથિલી, જનકનંદીની

વેપારી : તાજિર, વણજ, નૈગમ, વાણીયો

તમાચો : લપડાક, થપ્પડ, ચાપડ, ચર્પટ, ધોલ, તલપ્રહાર, ચપેટો

જાદુગર : મદારી, ગારૂડી, ગૌડીયો, ખેલાડી

ઉપવાસ : અનશન, બાંધણ, ક્ષપણ, લાંઘણ

પ્રકરણ : ખંડ, ભૂમિકા, વંશાવલી, પીઠિકા, વિષય, પ્રસંગ, અધ્યાય, વિભાગ, શકલ

ઝેર : વિષ, ગરલ, સોમલ, વખ, હળાહળ, વેર

શરૂઆત : પ્રારંભ, મંડાણ, પગરણ, આરંભ, આદ્ય, પહેલ

કિરણ : રશ્મિ, મરીચિ, અંશુ, મયૂખ

કારકૂન : વાણોતર, ગુમાસ્તો, મહેતાજી, ક્લાર્ક, લહિયો, કારીંદો

પગાર : દરમાયો, વેતન, મહેનતાણું, મળતર

રિવાજ : પ્રથા, રસમ, રૂઢી, ધારો, પ્રણાલી, પધ્ધતિ, પરંપરા, પ્રણાલિકા, શૈલી, તરીકો, રીત

કોઠાર : વખાર, અંબાર, ગોદાન, ભંડાર, ગોડાઉન

ગુસ્સો : કોપ, ક્રોધ, રોષ, ખીજ, ચીડ, અણગમો, આવેશ, ખોફ

શુભ : મંગલ, ઉજ્જવલ, નિર્મલ, અવદાત, કલ્યાણકારી, પનોતા, સુંદર

કંજૂસ : પંતુજી, ચૂધરો, મારવાડી, કૃપણ, મખ્ખીચૂસ, ચીકણું

સ્વર્ગ : દેવલોક, સોરલોક, ત્રિવિષ્ટપ, દ્યુલોક, જીન્નત, મલકૂત, ત્રિભુવન, દેવભૂમિ

દીવો : ચિરાગ, બત્તી, શગ, દીપક, ઉત્તેજક, પ્રદીપ, મશાલ, દીપ

બ્રાહ્મણ : ભૂદેવ, દ્વિજ, બ્રહ્મદેવ, પુરોહિત, ઋત્વિજ, ભૂસુર

સારવાર : ઈલાજ, ઉપચાર, ઉપાય, સેવા, ખિદમત, સુશ્રવા, સંભાળ, માવજત

વીંટી : અંગૂઠી, અનામિકા, અંગુશ્તરી

જાસૂસ : દૂત, ખેપિયો, ગુપ્તચર, કાસદ, ચરક, બાતમીદાર

માર્ગદર્શક : ભોમિયો,ગાઈડ,પથદર્શક,સલાહકાર

પ્રશંસા : ખુશામત, ચાંપલુંસી, મોટાઈ

વરસાદ : મેઘ, મેહુલો, વૃષ્ટિ, પર્જન્ય, વર્ષા, મેહ, મેહુલો

ખાનગી : વિશ્રમ્ભ, ગુપ્ત, અંગત, છાનું, પોતીકું

આશા : ઉમેદ, સ્પૃહા, અભિલાષા, ઈચ્છા, ધારણા, મહેચ્છા, લિપ્સા, આકાંક્ષા, કામના, તમન્ના, મનોરથ, અપેક્ષા, આસ્થા, લાલસા, લાલચ, લોભ, અરમાન, મનીષા, તૃષ્ણા

ભયંકર : કરાલ, ભિષણ, ભયાનક, દારૂણ, ભૈરવ, ક્રૂર, કરપીણ, ઘોર ભિષ્મ

રાજા : નરેશ, ભૂપ, રાય, પાર્થિવ, મહિપાલ, નરપતિ, દેવ, રાજન, નૃસિંહ, નૃપ, નરાધિપ, બાદશાહ, ભૂપાલ

માનવ : માણસ, મનુજ, મનેખ, જન, માનુષ, ઇન્સાન, મનુષ્ય

પવિત્ર : પાવન, વિમલ, નિર્મળ, શુચિ, પુનિત, શુદ્ધ, નિર્દોષ, વિશુધ્ધ, શુધ્ધ

બળદ : આખલો, ચળવળ, ડોલન, ઝૂબેંશ

ઘાસ : તણખલું, કડબ, ચારો, તૃણ, ખડ

સહેલી : સખી, બહેનપણી, સહિયર, જેડલ, ભગિની, સ્વસા

પ્રતિજ્ઞા : સોગંધ, કસમ, નિયમ, માનતા, ટેક, બાધા

પિતા : બાપ, વાલિદ, વાલી, જનક, તાત, જન્મદાતા

પરીક્ષા : પરખ, કસોટી, મૂલ્યાંકન, ઇમ્તિહાન, તપાસ, તારવણી

શિક્ષણ : કેળવણી, તાલીમ, ભણતર

ગણવેશ : લેબાસ, યુનીર્ફોમ, પહેરવેશ

શિખામણ : બોધ, સલાહ, ધડો, સબક, ઉપદેશ, શિક્ષા, જ્ઞાન

તસવીર : ફોટો, છબી, છાયા, પ્રતિકૃતિ

નસીબ : તકદીર, કિસ્મત, ઇકબાલ, ભાગ્ય, પ્રારબ્ધ, દૈવ, નિયતિ

લાચાર : પરવશ, પરાધીન, મજબૂર, ઓશિયાળું, કમજોર, વિવશ, વ્યાકુળ, વિહવળ, વ્યગ્ર, અશાંત, બેચેન, બેબાકળા

લોહી : રક્ત, રુધિર, શોણિત, ખૂન

અવસાન : મોત, મૃત્યું, નિધન, નિવારણ, સ્વર્ગવાસ, મરણ, કૈલાસવાસ, વૈકુંઠવાસ

નદી : સરિતા, નિમ્નગા, તટિની, નિર્ઝરિણી, શૈવાલિની, સ્ત્રોતસ્વિની

કૌશલ્ય : કુશળતા, પ્રવીણતા, દક્ષતા, પટુતા, નિપુણતા, આવડત, કારીગરી, કુનેહ

હરણ : મૃગયા, સારંગ, કુરંગ

*(વધુ આવતા અંકે...)*

# ચંદેરી

□ ગિરિમા ઘારેખાન



બહારથી બેન્ડવાજા વાગવાનો અવાજ સંભળાયો એટલે શ્યામા બારી તરફ દોડી. નીચેથી કોઈનો વરઘોડો જતો હતો. એના ઘરથી થોડેક આગળ જઈને બેન્ડવાળા ઊભા રહી ગયા હતા અને 'મહેંદી લગાકે રખના' ગીત વગાડી રહ્યા હતા. એની બારીની નીચે વરરાજાની ફૂલોથી શણગારાયેલી ગાડી હતી. ગાડીની પાછળ છોકરાઓ-છોકરીઓ ઉછળી ઉછળીને નાચી રહ્યાં હતાં. શ્યામા વિચારતી હતી - વરરાજો કેવો હશે ? પહેલાના વખતમાં છોકરાઓ ઘોડા ઉપર બેસીને પરણવા જતા હતા એ સારું હતું. એમનો ચહેરો તો જોવા મળતો ! એની બંને દીદી એમના વરને જોવા પહેલા માળની બાલ્કનીમાં ગઈ હતી અને એને યાદ હતું. એ પણ એમની સાથે ગઈ હતી. નયનાદીદીના લગ્ન વખતે તો એણે બહુ ધ્યાન નહોતું આપ્યું પણ નીતાદીદીના લગ્ન વખતે શણગારાયેલા ઘોડા ઉપર બેઠેલા જીજુએ ઉપર એક નજર નાખી હતી ત્યારના દીદીના હાવભાવ તો હજુ એની આંખો સામે તરતા હતા. આ છોકરો કેવો લાગતો હશે ?

ત્યાં તો છોકરાના કોઈ મિત્રે ગાડીનું બારણું ખોલીને એને બહાર ખેંચી કાઢ્યો. થોડી આનાકાની કર્યા પછી એ પણ મિત્રો સાથે નાચવામાં જોડાઈ ગયો. શ્યામા એ ઘઉંવર્ણા, ઊંચા યુવાનને જોઈ રહી. ક્રીમ કલરની શેરવાની ઉપર લાલ રંગનો ખેસ નાખ્યો હતો. એના ચહેરા ઉપર પથરાયેલી ખુશીની ખુશ્બુ ઉપર સુધી આવતી હતી. શ્યામા એની પગની મોજડીથી માંડીને જેલથી ચોંટાડેલા વાળ સુધી બધું જ નજરમાં ભરી રહી. સરસ છોકરો છે. ઉંમર પચીસથી વધારે નહીં હોય. આ કોના જેવો લાગે છે ? મન એક બંધ ગુફા આગળ મૂકી દીધેલા પથ્થરને ખસેડવા જોર કરતું હતું પણ શ્યામાએ એને દાદ ન આપી અને બીજી તરફ વાળી લીધું. આને પરણવાવાળી છોકરી પણ બાવીસ-તેવીસની જ હશે. પરણવા માટેની યોગ્ય ઉંમર. એ પણ આની જોડે શોભે એવી શુંદર લાગતી હશે ? જોકે નવોઢા બને ત્યારે બધી છોકરીઓ સુંદર જ લાગે. આ બધી નાચે છે એ છોકરીઓ પણ કેવી સરસ તૈયાર થઈ છે ? શ્યામા નાચતી વખતે ઉપર ઉઠતા એમના હાથ ઉપર લાગેલી મેંદીના લાલચટક રંગને જોઈ રહી.

'શ્યામા ! શ્યામા !' નીતાદીદીની ઉપરાઉપરી આવતી બૂમો સાંભળીને શ્યામા અંદર ગઈ.

'ક્યારની તને બોલાવું છું. સાંભળતી કેમ નથી ?'

'દીદી હું તો વરઘોડો જોવા...'

'તું ય શું નાની છોકરીઓની જેમ જેટલા વરઘોડા આવે એટલા જોવા દોડી જાય છે ? ક્યારે મોટી થઈશ ? હવે જો, હું તને આ બતાવતી હતી.' પોતાની બેગમાંથી એક સાડી કાઢીને શ્યામાને બતાવતા એણે કહ્યું, 'જો, કૃતિના લગ્ન નિમિત્તે દીદીએ મને આ સાડી આપી. સરસ છે ને ?'

શ્યામા નીતાના હાથમાં રહેલી કેસરી રંગની ચંદેરી સાડી સામે જોઈ રહી. સાડીની ડિઝાઈનવાળી ઘેરા લીલા રંગની બોર્ડર બહુ જ સરસ હતી. હમણાં જ કલ્પેલી પેલી નવોઢાનું ચિત્ર અને આંખો સામે આવી ગયું.

'ખાસી મોંઘી છે ને ! દીદીનો જીવ બહુ ઉદાર. એન. આર. આઈ. મુરતિયો મળ્યો અને સ્વાતિના લગ્નમાં બધું ફટાફટ કરવું પડ્યું એટલે આ વખતે એણે બધું જ સાટું વાળી દીધું છે. તને તો કદાચ એમણે આનાથી પણ સારી આપી હશે. આપણા ત્રણેયમાં તું સહુથી નાની અને પાછી દીદીની નજીકમાં જ રહે એટલે દીદીને તારા ઉપર તો વધારે પ્રેમ છે.'

શ્યામા હજુ નીતાના હાથમાં રહેલી સાડી સામે જોઈ રહી હતી. થોડી પળોમાં એ શરણાઈ અને ઢોલક એની નજર સામેથી ખસી ગયાં અને આંખોમાં ઝીણી ઝીણી ચોકડીઓ આવીને ખૂંચવા માંડી.

'અલી બતાવ તો ખરી તારી સાડી.' નીતા તો સાડીની ધૂનમાં જ મગ્ન હતી.

શ્યામા ચૂપચાપ ઊઠી અને કબાટમાંથી ડ્રેસ મટિરિયલ કાઢીને નીતાના હાથમાં મૂકતા કહ્યું, 'મને દીદીએ આ આપ્યું છે.'

ચહેરા પર આવી ગયેલી આશ્ચર્યની રેખાઓને ઝડપથી સમેટતા નીતાએ કહ્યું, 'હા તું તો સાડી ભાગ્યે જ પહેરે છે, એટલે તને સાડી આપીને શું કરવાનું ? મને લાગે છે કે ભલે તું ફોરટી વટાવી ગઈ પણ દીદીને મન તો તું હજી ફોર્ટીન જ છે. એટલે જ તને મારી પ્રિયંકા જેવો ડ્રેસ આપ્યો-માસી ભાણીને સેમ સેમ.'

'પ્રિયંકાને આવો જ ડ્રેસ આપ્યો છે ?'

'હા, એવું જ કહેવાય. આમાં આવી

ચોકડીની ડિઝાઈન છે, પ્રિયંકાના ડ્રેસમાં નાના નાના ફૂલ છે. કલર થોડો જુદો છે, પણ તારા શ્યામ રંગ ઉપર આ આસમાની રંગ બહુ સરસ લાગશે, હું તો કહું છું તારે સાડી પહેરવી જ નહીં. આમેય તારું તો શરીર પણ એવું ને એવું જ છે. કુંવારા રહે એની ઉંમર વધે જ નહીં. મને જો, તારાથી પાંચ-છ વર્ષ મોટી છું પણ...'

નીતાના ઠાલા આશ્વાસનના શબ્દો શ્યામાને કોઈ છાતી ઉપર અંગારા ફેંકતું હોય એવી રીતે દઝાડતા હતા. ધીમેધીમે શૂન્ય થતા જતા મગજને પછી તો સંભળાવાનું જ બંધ થઈ ગયું. વિચારોના વંટોળે અંદર ઘણું બધું ઘમરોળી નાખ્યું. 'મને સાડીનો મોહ નથી પણ નયનાદીદીએ આવું કેમ કર્યું?

શ્યામાને તો ગમે તે ચાલે એમ? જે એકલા રહેવાનું પસંદ કરે એનું અસ્તિત્વ અડધું થઈ જાય? અને આ કંઈ પહેલીવાર નથી થયું. નીતાદીદીના સાસરામાં સારું દેખાય એટલે એને ચંદેરી સાડી અને પોતાને આવો ડ્રેસ?' સ્મરણોનો કાદવ ઊલેચાતો જતો હતો. એણે આટલાં વર્ષો સંબંધોના સરવાળા કરવા માટે શું શું ન'તું કર્યું? બદલામાં એણે તો સ્વમાનની બાદબાકી જ મેળવી હતી. દીદીના સ્વાતિ અને કૃતિ નાના હતા અને એમને પાર્ટીમાં કે બીજે ક્યાંય પણ બહાર જવું હોય તો એ જ કલાકો સુધી એમને સાચવતી. એમને ઘેર મહેમાન આવે ત્યારે પણ એણે દીદીને મદદ કરવા પહોંચી જવાનું. મહેમાનો આવે એ પહેલાં દીદી તો ટીપટોપ તૈયાર થઈ જાય અને એ રસોડામાં હોય પરસેવે રેબઝેબ. રસોઈ પતાવીને એ દીદીના બંગલાના પાછળના દરવાજેથી નીકળીને ઘેર આવી જતી. ક્યારેક મહેમાનની નજર પડી જાય તો દીદી ઓળખાણ કરાવતાં, 'આ મારી સહુથી નાની બેન શ્યામા. એ મારી થોડી ક્રાંતિકારી વિચારોની છે એટલે પરણી નથી. અત્યારે ઘેર બેસીને ટ્યુશન કરે છે. અમે નજીક જ છીએ એટલે એકલી નથી પડવા દેતા. મારે તો જેવી સ્વાતિ એવી જ શ્યામા.' એવા વખતે ઘણા મહેમાનોની આંખોમાંથી દીદી માટે નીકળતી અહોભાવની વર્ષા એને દઝાડી દેતી. એ આખી ને આખી સૂકાઈ જતી અને ઘેર આવી જતી.

દિવાળી વખતે પણ દીદીનું ઘર સાફ કરાવવામાં અને નાસ્તા બનાવવામાં એનો એટલો સમય અને શક્તિ વપરાઈ જતા કે પછી ઘેર કશું કરવાના હોંશ જ ન રહેતા. જોકે છેલ્લા દિવસે દીદી એને ઝીપલોક બેગમાં દિવાળીમાં અપાતા બોનસની જેમ થોડા થોડા નાસ્તા ભરી આપતી અને કહેતી, 'તારા નાસ્તા હું મારી જોડે બનાવી જ લઉં છું. તારે ઘેર તો એ કશી માથાકૂટ કરવાની જ નહીં. પપ્પા તો આવું કશું ખાઈ નથી શકતા. તને એકલીને વળી કેટલું જોઈએ?' 'તને એકલીને' - ખરતી ઉલ્કાઓ જેવા આ શબ્દો શ્યામાના મનના રણ સાથે અથડાઈને એમાં કેટલાયે ખાડા પાડી દેતાં. રેતી ઉછળતી અને એમાંથી એક આકૃતિ ઊભી થઈને વિખરાઈ જતી. કંઈ બોલ્યા વિના એ નાસ્તા લઈને ઘેર આવી જતી. પાર્કીન્સંસને કારણે વર્ષોથી બિલકુલ પથારીવશ થઈ ગયેલા પપ્પાના ચહેરા ઉપર એ નાસ્તા જોઈને એક હલકું સ્મિત ફરકી જતું કે મારી મોટી આ જીદ્દી નાની બેનને આટલું સાચવે છે. એમને કદાચ શ્યામાના ભવિષ્ય માટે ધરપત થઈ જતી. શ્યામાને ક્યારેક એવું કહેવાનું મન થઈ જતું કે, 'આટલા ખુશ ન થાઓ પપ્પા, મજૂરી લઈને આવી હોઉં એવું લાગે છે.' પણ પપ્પાના મોં સામે જોઈને એ કશું બોલતી નહીં.

પણ જેમને માટે થઈને એણે બધાના બહુ સમજાવ્યા છતાં લગ્ન નહોતા કર્યા એ પપ્પાના ગયા પછી એને બહુ એકલવાયું લાગવા માંડ્યું હતું. એક ખાલી થયેલા પલંગે આખા ઘરમાં અને જીવનમાં શૂન્યાવકાશ સર્જી દીધો હતો. એ ખાલીપાને કોઈ પોતીકાના સાંનિધ્યથી ભરવા પછી તો એ સામેથી જ દીદીને મદદ કરાવવા પહોંચી જતી હતી. નીતાદીદી તો બહુ દૂરના શહેરમાં રહેતી હતી. અહીં એનું બીજું હતું પણ કોણ? જે હોય એ નયનાદીદી જ હતી. ક્યારેક સ્વાતિ-કૃતિને શોપિંગ કરવા જવું હોય કે પિક્ચર જોવા જવું હોય તો દીદી એને પણ સાથે મોકલતી, 'તું વળી કોની સાથે જવાની?' વાત તો સાચી હતી. વર્ષો સુધી ઘરમાં જ રહ્યા પછી અત્યારે તો એની કોઈ બહેનપણી જ ન હતી. કોલેજમાં હતી એ બધી તો પરણીને પોતપોતાના સંસારના ચક્રવ્યૂહમાં ખોવાઈ ગયેલી. યુદ્ધભૂમિથી દૂર જતા રહેલા પાર્થની જેમ કોઈ સાથે એનો કોઈ સંપર્ક રહ્યો ન હતો. જોકે એની પોતાની એક આગવી યુદ્ધભૂમિ તો હતી જ, પણ એ લડાઈ લડતાં લડતાં પડતા ઘા કોઈ જ જોઈ નહોતું શકતું.

આટલા સમય પછી તો આવું થવા માંડ્યું હતું કે એ એકલી હોય ત્યારે એને ટોળામાં હોય એવું લાગતું અને ભીડમાં એકલી હોય એવું લાગ્યા કરતું. હવે તો એની ભાણીઓ ગણો કે બહેનપણીઓ ગણો, એ સ્વાતિ અને કૃતિ જ હતાં. જો કે એ લોકો મોટાં થયાં અને એમના ફ્રેન્ડ્ઝ સાથે બધે જવા માંડ્યાં પછી એમની શ્યામામાસી હાંસિયામાં ધકેલાઈ ગયેલી.

મિક્સરની જેમ શ્યામાના મનમાં વિચારો ઘૂમરાતા હતા. મન એમાં પીસાતું જતું હતું.

'શ્યામા! આમ ભીંત સામે આંખો ચોંટાડીને શું બેસી રહી છે? લગ્ન માટે તૈયાર નથી થવાનું? કાલે સંગીત સંધ્યામાં તો તું

જરાયે સારી ન'તી લાગતી. તૈયાર જ ન'તી થઈને ! દીદીના માસીજીએ તો મને પૂછ્યું પણ ખરું કે 'આ શ્યામા કેમ આવી સાદી સાદી આવી છે ?''

શ્યામાને કોઈએ એવું સીધું તો નહોતું પૂછ્યું, પણ એણે એવી ગુસપુસ જરૂર સાંભળી હતી. એ પસાર થતી હતી ત્યારે જ એને સંભળાય એવી રીતે એક સ્ત્રીએ બીજીના કાનમાં કહ્યું હતું કે 'પોતાના લગ્ન નથી થયા અને આ બીજી ભાણીનાય થઈ ગયા, એટલે ઓછું તો આવે ને !' શ્યામાને મન તો થયું હતું કે ત્યારે જ એમને સંભળાવી દે કે 'તમે શૂન્ય મગજવાળા અને પરવશ શરીરવાળા મારા પપ્પાને વર્ષો સુધી પથારીમાં પડી રહેલા જોયા હોત તો મેં કેમ લગ્ન નથી કર્યા એનો જવાબ મળી જાત.' પણ એ હંમેશાં જેમ કરતી હતી એમ એ વખતે પણ કંઈ બોલ્યા વિના ત્યાંથી ખસી ગઈ હતી. જીભને મોંમા જ રહેવાની ટેવ પડી ગઈ હતી.

સંગીતસંધ્યા માટે શ્યામાએ તો ઢગલો ઓરતાનું વાવેતર કર્યું હતું. પણ બે કલાક પહેલાં એને દીદીએ કૃતિ સાથે બ્યુટી પાર્લર મોકલી દીધી. 'કૃતિ કહે છે કે હું તો માસી સાથે જ જઈશ. લઈ જા તારી લાડકી ભાણીને', દીદીએ કહ્યું હતું. લગ્નનો દિવસ હોવાથી ત્યાં ખૂબ ભીડ હતી અને આગળથી નક્કી કરેલું હતું તો પણ કૃતિને તૈયાર થવામાં મોડું થઈ ગયું હતું. એનું પતે એ પહેલાં તો દીદીના ઉપરાઉપરી ફોન આવવા માંડ્યા હતા, 'કેટલી વાર શ્યામા ? બધા આવવા માંડ્યા છે. તારા જીજુ તો ગુસ્સે થઈ ગયા છે. કૃતિનો પ્રસંગ અને એ જ હાજર નહીં ?' શ્યામા પોતે સરખી તૈયાર થયા વિના કૃતિને લઈને સીધી હોલ ઉપર પહોંચી ગઈ હતી.

નીતાએ બેગમાંથી એના દાગીના કાઢી લીધા હતા, પણ સાડી પસંદ કરવા માટે હજુ અવઢવમાં હતી અને બેગમાંથી એક પછી એક સાડી કાઢીને જોયા કરતી હતી. શ્યામાનું ધ્યાન ક્યાં છે એ તરફ એનું ધ્યાન જ ન હતું. છેવટે એક સાડી હાથમાં લઈને એણે શ્યામાને ધ્યાનભંગ કરી, 'હું આ પહેરું ? જો તો, સારી લાગશે ને ?'

નીતાએ સાડી ખોલીને શ્યામાને બતાવી. એની અંદરથી કૃતિના લગ્નની કંકોત્રી નીચે પડી. શ્યામા એ કંકોત્રી ખોલીને વાંચવા માંડી એટલે નીતા તાડૂકી, 'તેં જોઈ નથી આ કંકોત્રી ? શું વાત કરે છે ? આટલી બાજુમાં રહે છે અને બેનને ઘેર કંકોત્રી લખાવવા ન'તી ગઈ ? શ્યામા તું તો હદ કરે છે !'

શ્યામાને યાદ આવ્યું, 'ઘણા બધા આવવાના છે, તું નહીં આવે તો ચાલશે. એના કરતાં તું કૃતિ જોડે જઈને દરજીના ને બધા પરચુરણ કામ પતાવી આવજે. એને બીજા કોઈ સાથે જવાનું નહીં ગમે.' એમ કહીને દીદીએ એને બહાર મોકલી હતી. એ નાના નાના કામમાં જ આખો દિવસ જતો રહ્યો હતો. નીતાના આક્ષેપથી એના મનમાં ધૂંધવાતા જ્વાળામુખીનું ટોચકું ખૂલી ગયું. અંદર ભરાયેલી વરાળ આંખોમાં થોડા ગરમ ગરમ લાવાના ટીપાં સાથે બહાર નીકળી. 'હદ તો દીદી કરે છે. દીદીએ મને કંકોત્રી આપવી ન જોઈએ ? એ કહે આવી જજે એટલે મારે તો પહોંચી જવાનું ને ?'

'તને વળી જુદી કંકોત્રી આપવાની શું જરૂર ? તું તો ઘરની જ કહેવાય ને ? ઘરની વ્યક્તિને કંઈ અલગથી આમંત્રણ હોય ? કેવી વાત કરે છે તું ?' શ્યામાના અવાજનો ગાંધારનો સૂર નીતાના અવાજમાં ધૈવત થઈને પડઘાયો.

'તો સ્વાતિ ઘરની નહી ? એની કંકોત્રી મેં જ કુરિયર કરી હતી.'

'સ્વાતિને તો મોકલાવવી જ પડે ને ? એના તો લગ્ન...' શ્યામાના ચહેરા સામે જોઈને નીતાએ આગળના શબ્દોને મોંમાં જ જકડી રાખ્યા.

દીદીને છોભીલી પડેલી જોઈને શ્યામા અંદર ચા બનાવવા જતી રહી.

ચાના ઊકળતા પાણી સામે જોઈ રહેલી શ્યામાનું મન એનાથી પણ વધારે ઊકળતું હતું. એ બધા માટે 'ટેકન ફોર ગ્રાન્ટેડ' હતી. દીદી જે કામ કૃતિને કે સ્વાતિને ન બતાવી શકતા એ એને કરવાનું કહી દેતા હતા. એ એકલી હતી, જંગલમાં આવેલી એક નાની દેરી જેવી. કોઈ પણ આવીને ત્યાં વિસામો લઈ શકે અને પછી પોતાના માર્ગે જતું રહી શકે-પાછળ એક નજર પણ નાખ્યા વિના. સ્વાતિ તનયકુમાર સાથે ઘરમાં પ્રવેશે ત્યારે જ્યાં 'આવો-આવો' કહીને ઊભા થઈ જતા હતા. એ લોકો ઘરના ન કહેવાય ? એને તો ક્યારેય કોઈએ સાદો આવકાર પણ આપ્યો ન હતો. આંખોની સાથે ચા ઊભરાઈને બહાર આવી અને શ્યામાએ ગેસ બંધ કર્યો.

ચા પી ને, તૈયાર થઈને નીતા તો નીકળી. તું રામા-ટામા કર્યા કર. હું તો જાઉં છું. લગ્નવાળાને ઘેર કામ તો હોય જ ને ? તું તો ખરી છે, આમ 'દીદી દીદી' કર્યા કરે અને ખરા કામના વખતે ઘેર બેસી રહે છે. જલ્દી આવી જજે.'

શ્યામા ક્યાંય સુધી ખાલી આંખે અને ભરાયેલા મને ત્યાં જ બેસી રહી. ફોનની રીંગ ન વાગી હોત તો એના મનમાં ખદબદતા લાવામાં કેટલાયે કલાકો ઓગળી જાત. નયનાદીદીનો ફોન હતો. શ્યામાએ 'હા દીદી' કહ્યું અને દીદી એના ઉપર તૂટી જ પડી. 'હજી સુધી આવી નહીં તું ? શું કરે છે ઘરમાં એકલી એકલી ? અહીં બધા ભેગા થઈને કેવી મજા કરે છે ? વર્ષોથી એકલી રહીને તું એકલસૂરી થઈ ગઈ છે. એકલી વાડીની એકલી મૂળી. ચલ જલ્દી આવી જા. અને હા, સરખી તૈયાર થઈને આવજે.

કાલની જેમ સાવ બોચાટ ના આવતી. આજે પણ કૃતિ સાથે પાર્લરમાં તારે જ જવાનું છે. બીજા બધાને તો પાર્ટી પ્લોટ પર જઈને ગરબા કરવા છે અને મ્હાલવું છે, પણ તને તો હું હકથી કહી શકું છું.'

